કુસુમમંજરી.

નવલકથા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બળદેવપુરી કૈલાસપુરી, ગોસાંઈ.

અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

ઈ. સ. ૧૯૦૩. વિ. સં. ૧૯૫૯.

અમદાવાદ—યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કં૦ લી૦

કીંમત ૦-૪-૦

શ્રી ગણેશાયનમઃ

કુસુમ-મંજરી.

ચંપા નગરીમાં પ્રભાતનું વર્ણન.

પ્રાતઃકાળ થયો અંધારૂં ધીમેધીમે નષ્ટ પામ્યું. અરૂણે સોનાની કુંચી વડે પૂર્વ દિશાના મોટા દરવાજો ઉઘાડયો, અને સુતી દુનિયાને જાહેર કીધું કે હવે સૌને કામે લાગવાનો વખત થયો છે. અરૂણસારથી આવ્યો એટલે તેની પાછળ સૂર્ય નારાયણ રથમાં બેસીને જલદીથી આવશે એવું જાણીને રસ્તામાં રમતા છોકરા મહેતાજીને આવતા જોઇ નાશી જાય છે, તેમ તારાઓએ એક પછી એક પોત પોતાનું મોઢું સતાડવા લાગ્યા. વાડીઓમાં કમળ ફુલ ખીલી તેઓએ પોતાના સુર્ય પીતાને મળવાને પોતાનાં મ્હોંડાં સૂર્ય તરફ ફેરવ્યાં. કુમુદનીના ફુલની પાંદડી બીડાઈ જઇ નીચે નમી ગઈ. પોતાની પ્રિયાને ખીલેલી જોઇ ભમરાઓ આસપાસ ફરી ગુંજાર કરવા લાગ્યા. ચકલીઓ માળામાંથી નીકળી ચોંચોં કરવા લાગી. કાગડાઓ કાકા બોલવા લાગ્યા. પાંજરામાંના પોપટ મેના ઇત્યાદિ પક્ષીઓએ મીઠા બોલથી પોતાના ધણીને જગાડ્યા; અને વાડીઓ તથા ઝાડીઓ સુંદર નાદવાળા પક્ષીઓના શબ્દથી આનંદકારક થઇ ગી. ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓ ગળાનાં બંધથી છુટી આનંદથી ચરવા જવા લાગ્યાં. રાજ મહેલમાં ચોઘડીયાં વગેરે વાજીંત્ર વાગવા લાગ્યાં. ચકોર પક્ષી પોતાના સ્વામીચંદ્રને અસ્ત થએલો જોઇ, કોઇ ગુપ્ત જગાએ ભરાઇ જવા લાગ્યાં. અઘોણી, એદી, આળસુ અને સુરત લોકો ખાટલામાં પડયા પડયા બબડી રહ્યા હતા. પણ ઉદ્યમી આલાક લોકો દાતણ પાણી કરી પોતપોતાને ધંધે વળગતા હતા. કેટલાએક ધનુર્વિદ્યા શીખવાને અથવા અભ્યાસ વધારવાને નિશાન મારતા હતા. રજપૂત લોકો શહેર અથવા કોઇ ખુલ્લા મેદાનમાં પોતાના ઘોડાને ફેરવવા લઇ જતા હતા.

આ વખતે ચંપાનગરીના રાજા વિજયસીંહનો પુત્ર કેસરીસીંહ મૃગયા રમવા નીકળી પડયો. આ રાજપુત્રની મુખમુદ્રા ગોળ હતી. મુછ સહજ લાંબી હતી, ગાત્ર ભરેલાં હતાં, કપાળ વિશાળ હતું, શરીરે કસાએલો જણાતો હતો, તેની કેડે એક કટાર શોભી રહ્યું હતું તથા તેની બાજુએ તલવાર લટકી રહી હતી તથા બીજી બાજુએ ગેબી ધામાંજ પ્રવીણ અને પેલા વદનમાંથી પણ પ્રાણ હરી લેવાની શક્તિ ધરાવનાર તમચો એવો દબાએલો હતો કે જાણે તેના ધતાંને પણ શંકા રહેતી હતી. તેના શી પર ગુલાબી રંગનો ફેંટો વેંટો નાંખી બાંધેલો હતો. તેના શીરપેચની કલગીમાં સુર્યના કિરણ પડવાથી તે ઝગમગાટ કરી રહી હતી. ઉપર લટકતો મોતીનો તોરો પવન આવવાથી જરા જરા હાલતો હતો. અજવાળીઆની સાતમ–આઠમના ચંદ્ર જેવુ લલાટમાં તીલક શોભી રહ્યું હતું ભ્રકુટી ધનુષ્યના જેવી સુંદર હતી. પોપટની નાશિકા જેવુ નમેલું નાક હતું. કુંડળોથી કાન શોભી રહ્યા હતા. તે મધ્યમ કદનો અને કેસરી જેવો ચંચળ હતો.

આ રાજકુમાર પોતાના પીતાશ્રીની આજ્ઞા લઈ, કેટલાક નોકરો તથા કેટલાક મોટા મોટા કુતરાઓ સાથે લઇ મૃગયા રમવા ચાલ્યો જાય છે. ચાલતા ચાલતા તેઓ એક રમ્ય પહાડી મુલકમાં આવી પહોંચ્યા. આ પ્રદેશ ઘણો રળીઆમણો હતો. ઇશ્વરની અનેક રંગ અને રસની વિવિધ લીલાઓનુ તથા રચનાનું સંગ્રહસ્થાન કોઇ દૈવઈચ્છાથી કે કોઈ સુરેશના પ્રયત્નથી લાંબા વખતથી આ સ્થળે કરવામાં આવ્યું હોય, એમ દીસતું હતું. મધુર, ભવ્ય અને સકોમળ વિકસિત પુષ્પોની સુગંધથી લલચાઇને આવેલા ભ્રમરો આમ તેમ ગુંજારવ કરી રહ્યા હતા. અરે ! શું વર્ણન કરવું ! ઇશ્વરની રચનાનું વર્ણન કરતાં કાળાંતર વહી ગયાં, પરંતુ કોઇ પરીપુર્ણ વર્ણન કરી શક્યું નથી. જ્યાં બધે રમણીયતા ત્યાં શું લખવું ? જ્યાં વૃદ્ધાવસ્થાને પાત્ર થએલા એક નાના વૃક્ષના પત્રો સુકાઈ મૃત્યુ પાત્ર થઇ હેઠળ પડતાં પડતાં પણ તે પતનમાં સુવર્ણ ભાસ કરી રમ્યતાનેરમ્ય કરે છે, ત્યાં બીજી અને રસમય વસ્તુઓની તો વાતજ શી ?

આવા રમ્ય પ્રદેશમાં થઇ રાજપુત્ર ચાલતાં ચાલતાં કેટલાક

જંગલી પશુઓ જેવા કે, સુવર, રીંછ, ગેંડા વગેરેનો શીકાર કરતા જાય છે. એમ શીકાર કરતાં એક મૃગ તેમની નજરે પડયો. તેનો શીકાર કરવા રાજપુત્રે પોતાના ઘોડાને વાયુની સમાન છોડી મુકયો. રાજકુમાર મનમાં વિચારવા લાગ્યો. હવડે પકડી પાડું છું. એમ આશામાને આશામાં પોતાના અશ્વને પુરવેગમાં દોડાવે ગયો પરંતુ તે મૃગપણ પુરવેગથી દોડે ગયો. અને એક પર્વતની ખીણમાં ધીમે ધીમે અદ્રશ્ય થઇ ગયો. રાજપુત્રનો ઘોડો પણ ત્યાંજ થોભ્યો. તેના સંગાથી સર્વે છુટા પડી ગયાં અને પોતે એકલો રહ્યો, હવે રાજપુત્ર ઘણો શોક કરે છે. અને કહે છે. અરે દૈવ ! આ મેં શું કર્યું ? હવે શી રીતે પાછો જાઉં ? અહીં કદી આવ્યો નથી. અરે ! ઇશ્વર ? હવે કયાં જાઉં, આ વનમાં માણસનું પ્રતીબીંબ પણ માલમ પડતુ નથી, કે કોઇને માર્ગ પુછું. હવે કેટલું કષ્ટ વેઠવું પડશે. તે કહ્યો નથી શકાતું. મેં વગર વિચારે મારા અશ્વને મારી મુકયો. અને આ જંગલમા આવી ચઢયો કોનો દોષ કાઢું. ચીંતા નહિ, હવે તો ચાલવુ જોઇએ. એમ વિચારી પોતાના અશ્વને વાળી ચાલવા માંડયું. બપોર થઈ ગયા હતા સુર્યના તાપથી શરીર ભસ્મ થઈ જતું હતું. તેમજ ઘોડો પણ પાણી પાણી થઈ ગયો હતો. આ વખતે રાજપુત્રને તૃષા વધારે લાગી હતી. અને કંઠ સુકાતો હતો તેથી એક વૃક્ષ જોઇ તેની છાયા નીચે ઘોડાને બાંધી થોડોક આરામ લઈ પાણીની શોધમાં નીકળી પડયો. આગળ ચાલતા હાથીના પગલાં માલુમ પડયાં તેથી અનુમાન કર્યું કે આ રસ્તે હાથીનાં ટોળાં પાણી પીવા જતાં હશે. એમ ધારી તે તરફ ચાલ્યો. બંન્ને તરફ મોટાં મોટાં વૃક્ષો આવી રહ્યાં છે. ઠેકાણે ઠેકાણે લતા મંડપ થઈ રહ્યા હતા. અને વચ્ચે વચ્ચે પથગઓ પડયા હતા આવી રીતે મનોહર વનની રચના જોતાં જોતાં કેટલેક દુર રાજકુમાર નીકળી ગયો અને શીતલ સમીરના સ્પર્શથી પરસેવો બધો સુકી ગયો. અને શરીરે શાંતતા વળી આગળ ચાલતાં એક સરોવર દ્દષ્ટિગોચર થયું. આ સરોવરનું પાણી નિર્મળ હતુ. અને કમલ, કુમુદ વગેરે નાના પ્રકારનાં ફુલ એમાં ફુલી રહ્યાં હતાં. અને તેના

પર ભમરાઓ ગુંજાવર કરી રહ્યા હતા. સુગન્ધિદાર વાયુ વાતો હતો. આ શોભા જોઇ રાજકુમારે કહ્યું કે જો હરણનો શીકાર નિષ્ફળ ગયો તો ફીકર નહિ પણ આ મનોહર જગ્યા જોઈ મારૂં મન ઘણું પ્રફુલ્લીત થયુ. આવું રમણિક સ્થાન કદી મેં જોયું નથી. ઉમિયા પતિ મહાદેવ આ સરોવરની શોભાથી વિમોહીત થઈ આ જગ્યાએજ નિવાસ કરતા તો નહિ હોય ? સરોવરની દક્ષિણ દિશાએ કાંઠાપર ઘોડાપરથી તે રાજકુમાર ઉતરી પડયો. કેસરીસિંહ ઘોડા ઉપરથી ઉતર્યો કે તરતજ ઘોડો જમીનપર આળોટવા માંડયો. ઇચ્છા પુર્વક સ્નાન અને જળપાન કર્યા પછી કેસરીસિંહે ઘોડાને ઘાસ ચરવા છોડી મુકયો અને પોતે પણ પોતાની પાસે ખાવાનું હતું તે ખાધુ અને પાણી પીને એક પથર પડયો હતો તેના પર કમળપત્ર પાથરી ફેંટો ઓશીકે મુકી સુતો.

થોડોક સમય વિશ્રામ લીધા પછી વીણા અને રાગના શબ્દો સંભળાવા લાગ્યા આ શબ્દો સાંભળી ઘોડો ઘાસ ખાતાં અટકયો અને તે તરફ જોવા લાગ્યો. રાજકુમાર પણ આશ્ચર્ય પામ્યો કે આવા નિરજન વનમાં સંગીત કયાં થાય છે. અને તેજ તરફ જોવા લાગ્યો. પરંતુ કંઈ દેખાયું નહિ. ફક્ત મધુર સ્વરની અમૃતધારા તેના કાનમાં પ્રવેશ કરતી હતી, અચંબો પામી ઘોડાપર સ્વારી કરી સરોવરની પશ્ચિમ તરફ ચાલવા માંડયું. થોડેક દુર જતાં એક મંદિર તેમની નજરે પડયુ તે મંદીરમાં ચરાચર સ્વામિ ભગવાન ત્રિશુલધરની એક મુતિ હતી. એ મુતિના સામુ એક ચૌદ પંદર વરસની કન્યા વિણા વગાડતી હતી અને મહાદેવની સ્તુતિ ગાન કરતી હતી. ખભાપર તેના માથાના વાળ લટકી રહ્યા હતા અને તે પાર્વતિ જેવી સુંદર દેખાતી હતી.

આ જોઇ રાજકુમારે પોતાના ઘોડાને એક વૃક્ષના થડે બાંધ્યો. અને તે દેવાળયની બહારથી ત્રિપુરારીને ભક્તિ પૂર્વક પ્રણામ કરી. તે કન્યા તરફ જોવા લાગ્યો. કેવી કેવી અદ્દભુત અને ચમત્કારી ચીજો સ્વપ્નામાં જોવામાં આવે છે ! મેં મૃગની પાછલ જતાં કેવા કેવા ભયંકર પ્રદેશો જોયા અને તે પછી સંગીત સાંભળી અહીં આવવાથી કેવી અજાયબી ભરેલી શોભા જોઉંછું. કન્યાના

મધુર સ્વર અને મનોહર રૂપથી માલુમ પડે છે કે આ કોઈ મનુષ્યની સ્ત્રી નથી. નિશ્ચય આ કોઈ દેવ કન્યા છે. શું સંસારમાં અપ્સરાની ઉત્પત્તિ થવાનો સંભવ છે ? જો કદાચ એમ હોય અને આ કન્યા જો મારી નજરથી અલોપત થઇ જાય તો હું જરૂર તેનું નામ, ઠામ અને તપસ્યાંનુ કારણ પુછીશ. એમ પોતાનો સંકલ્પ દૃઢ કરી મંદિરના એક ખુણામાં બેસી ગાયન સમાપ્ત થવાની પ્રતિક્ષા કરવા લાગ્યો.

તે મંદિરની પાસે એક બાગ હતો. તે બાગમાં ગુલાબ, મોગરો, માલતી, સેવતી વિગેરે પુષ્પનાં વૃક્ષો હતાં. થોડીકવારે રાજકુમારે ત્યાંથી ઉઠી એક ગુલાબનું ફુલ તોડીને કન્યા ઉપર ફેંકવાનો વિચાર કર્યો. અને ધાર્યું કે જો કદાચ એ દેવી હશે તો મેં તેને પુષ્પ ચડાવ્યું માનસે. એમ ધારી તેના ઉપર ફુલ ફેંકવા જાય છે. ફેંકતાં ફેંકતાં પાછો વિચાર આવ્યો. કે એ કામ દેવની રતી કે તેના જેવી બીજી કોઇ તો નહિ હોય ? જો રતીજ હોય તો આ પુષ્પ પ્રહારથી તેનું મૃત્યુ થશે. એમ ધારી તે ફેંકવાનો વિચાર બંધ પાડયો. શીથીલ થએલા હાથમાંથી ગુલાબ પોતાની મેળેજ ભોંયપર પડી ગયું.

આ સુંદરિનું રૂપ જેમ લોહચુંબક લોઢાને આકર્ષે છે તેમ જોનારના નામનનું આકર્ષણ કરતું હતું તેના હોઠ પરવાળા જેવા હતા. દાડમના જેવા દાંત હતા. મસ્તક ઉપર મણીધર નાગ તેના શરીરની સુગંધી લેવા ચહડી બેઠો હોય એમ તેનો ગુંથેલો ચોટલો શોભતો હતો. વીણા જેવો તેનો કંઠ મધુર હતો. કૃષ્ણપક્ષમાં જેમ તારાઓ રૂપી રૂપેરી બુટાદાર અંબર આકાશ મંડળ ધારણ કરે છે, તેમ તેણે તેજસ્વી અને કસબથી ભરેલી, સ્યામ રંગી ઝીણી સાડી પહેરી હતી. કાળા વાદળામાં જેમ વીજળી ઝળકે તેમ તેનું શરીર ચળકતું હતું. રત્નજડીત ચક્ર તેના અંબોડામાં ઓપી રહ્યું હતું. લલાટમાં હીરાનો ઝીણો ચાંદલો ચોટાડેલો હતો. હાથે પગે પણ નાના વિધના આભુષણો સજેલાં હતાં.

જેમ એક અમૃતથી ભરેલાં પાત્રમાંથી ગમે તેટલી સુધા પીવા છતાં પણ તૃષ્ણા ટળતી નથી. તેમ તે કોમળાંગીનું સ્વરૂપજ જાણે

અમૃત ભરેલું પાત્ર હોય તેમ તે તરફ ધારીને વારંવાર જોવા છતાં પણ પેલો રાજપુત્ર કેસરીસિંહ ધરાયો નહિ. મદરૂપ હાથી, મૂળથી તેને ઉખેડી મરડી નાંખતો હોય, તેમ તેનું શરીર ડગમગતું દેખાયું. આમ રૂપ—લાવણ્યને વશ થએલો કેસરીસિંહ મોહ મગ્ન થઇ અડવડીઆં ખાવા લાગ્યો.

ઇશ્વર સ્તુતિ સમાપ્ત થયા પછી વીણાના શબ્દ થયા અને તે કન્યાએ ઉઠી ભક્તિ ભાવથી મહાદેવની પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યાં અને સ્મિત હાસ્ય કરતી, આશ્રમે જવા તૈયાર થએલી તે બાળા પગથીઆ આગળ આવી. પ્રવાસી નજરે પડતાં સર્વે વસ્ત્રો બરાબર કર્યાં. અને અનેક વિતર્ક કરવા લાગી.

કેસરીસીંહની મુખમુદ્રા જોઇ આ બાળા મોહિત થઇ ગઇ. સ્વરૂપ ઉપરથી કલ્પના થઇ કે "આ રતિપતિ કામદેવ તો નહિ હોય? તેણે ધાર્યું બ્રહ્માએ ભૂલથી તેજનો ભરેલો પ્યાલો તેના મુખ ઉપર રેડયો તો નહિ હોય? શું માનવ રૂપે સાક્ષાત્ શિવજી પ્રસન્ન થઇ મરી પ્રાર્થના સ્વીકારીને વરદાન આપવાને તો આવ્યા નહિ હોય? શું એ કોઇ દેવપુત્ર તો નહિ હોય? મોહ બાણથી તેનું શરીર વિંધાયું. ભાન ભુલાયું. અને આશ્રમે જવાને વિલંબ થાય છે એ પણ વિસરી ગઇ. જાણે તેણે તેને એમ કહ્યું કે 'તું હવે અત્રેથી જા, વામનજી છતાં અતિ મધુર પણ ઉંચે લટકતા આમ્ર ફળની ખોટી ઇચ્છા શા માટે રાખે છે!" એમ વિચારતરંગમાં મનહોડી ડોલવા લાગી નિશ્વાસ નાંખતી આ ભ્રમિત બાળા આખરે પગથીએથી નીચે ઉતરી અને રાજકુમાર કેસરીસિંહને પુછવા લાગી, અને વિનંતી પૂર્વક બોલી. મહાશય! મારા આશ્રમપર ચાલો. અને મારી પરોણાગત સ્વીકાર કરો. આ શબ્દો સાંભળી રાજપુત્ર કેસરીશિંહ તેની પાછળ ચાલ્યો. માર્ગમાં વિચાર કર્યો કે આતો મને દેખી અસંતાપ ન થઇ ગઇ અને ઉલટા પ્રીતિ પ્રકાશ કરીને મને અતિથિ સત્કાર ગ્રહણ કરવાને આગ્રહ કર્યો તેથી આશા છે કે પુછવાથી પોતાનું વૃતાન્ત પણ કહે.

કેટલેક દુર જવાથી એક પર્વતની અંદર ગુફા દૃષ્ટિગોચર થઇ. આ ખીણ કનકલતાથી એવી તો છવાઇ ગઇ હતી કે સૂર્યના કિરણ

પણ તેમાં પ્રવેશ કરી શકતા નહોતા. બંને તરફ ઝરાઓમાંથી પાણી ઝરી રહ્યું હતું. તે બાળા તેમાં જઇ અતિથ્ય ક્રિયા કરવા માટે અર્ધ્ય લાવી. તે સમયે રાજપુત્રે કહ્યું. "હે બાળા તમારા દર્શનથી જ હું પવિત્ર થઈ ચુકયો. અને અર્ધ્ય પણ થઇ ચુકયું. આટલું આદર માન મારે માટે ઘણું છે. તમે બેસો" પરન્તુ તે બાળાએ ન માન્યું. ત્યારે રાજકુમારે યથાવિહિત અર્ધ્ય ગ્રહણ કર્યું અને બંને બે શીલાપર બેઠા. તે બાળાએ રાજકુમારનું નામઠામ પુછ્યું. અને રાજકુમારે પોતાનું નામઠામ બતાવ્યું. અને પછી ફળફળાદિ લાવી તે બાળાએ તે રાજકુમાર કેશરીસીંહ આગળ મુકયા. પછી કેસરી-સિંહે તે ફળ ઇચ્છાનુસાર ભક્ષણ કર્યાં અને પાણી પી તૃપ્ત થયો. તે બાળાએ પણ આહાર કર્યો. અને સાંજ પડવાથી સંધ્યા જાપ કરી એક શીલાપર બેસી બંન્ને જણ વિશ્રામ કરવા લાગ્યા.

રાજકુમાર કેસરીસિંહે અવસર જોઇ નિવેદન કર્યું કે "હે દેવી! આપને પ્રસન્ન જોઇ મારૂં મન ઉત્સાહમય બન્યું છે. અને હું તમને કંઇ પુછવા ચહુંછું. જો તમને દુઃખ ન થાય તો તમારૂં જન્મ વૃતાન્ત વર્ણન કરી મારા ચીતને શાંત કરો." "દેવકુલ, ગન્ધર્વ કુલ, અથવા અપ્સાકુલ કયા કુળના તમે ભુષણછો? શા કારણથી આપે આ કોમળ શરીરને આવા કઠીન તપસ્યામાં નષ્ટ કરવામાં માંડયું છે? શા માટે ઉત્તમ પ્રાસાદને છોડી આવા નિ-ર્જન વનમાં એકલા નિવાસ કર્યો છે?" કન્યા આ શબ્દો સાંભળી થોડાક સમય સુધી નિસ્તબ્ધ રહી. અને પછી શ્વાસ લઈ રૂદન ક-રવા લગી. કેસરીસીંહ તે બાળાને આ અવસ્થામાં જોઇ ચિન્તા-તુર થયો. આના રૂદન ઉપરથી મને એમ માલુમ પડે છે કે આને કોઇ મોટું દુઃખ પડયું છે. એમ અનેક વિચારો કેસરીસિંહને આ-વવા લાગ્યા. જ્યારે રાજકુમારે તે બાળાને અનેક પ્રકારે સંતોષ વાકય કહી સમજાવી અને મ્હોં ધોવા ખાતર ઝરામાંથી પાણી લાવી આપ્યું. ત્યારે તે બાળાએ મ્હોં ધોઇ કહ્યું "હે રાજપુત્ર! આ અભાગિનિનું વૈરાગ્ય વૃતાન્ત સાંભળી તમે શું કરશો? એ ફક્ત શોકજનક અને દુઃખદાયિ છે. તથાપિ જો તમને સાંભળવાને ઘણી અભિલાષા હોય તો સાંભળો. મારા પીતાશ્રીએ એક દિવસ અમારા

ક્ષમ વિચારની ચર્ચા કાઢી. અને કહ્યું કે, "પુત્રીઓ તમે સાવધ રહેજો. અમે તમને પરણાવી ઘર સંસારમાં નાંખીશું. તમે હવે જલદીથી તમારી માતા પાસે ઘર કામ શીખી નિપુણ થાઓ. તે વખતે મારી બાલ્યવસ્થા હતી. તે વખતે મારી વૃતિ વૈરાગ્ય ઉપર દોડી. સંસાર એ મહા દુઃખનો સમુદ્ર છે એમ મને લાગ્યું. અને તેથી મેં મારા પીતાને કહ્યું કે હવે હું મોટા સંતોષ અને આનંદ સાથે વનમાં જઇને ઉગ્ર તપ આચરીશ. અને સર્વ શક્તિમાન પ્રભુને આરાધી જન્મ અને જીવિતની કૃતાર્થતા સમજીશ. મારા પીતાએ આવા વચન સાંભળી ચીંતાતુર થઈ કહ્યું ઠીક છે. એમ કહી સંધ્યા સમય થયો તેથી નિત્ય કર્મમાં ગુંથાયા.

પછી મારા મનમાં તે રાત્રીએ અનેક વિચારો આવવા લાગ્યા. બળાત્કારે માબાપ સંસારમાં તો નહિ નાંખે. એવી અનેક કલ્પના કરતા મધ્ય રાત્રી થઇ. બધા નીંદ્રાવશ થયાં. એટલે હું દરવાજો ઉઘાડી ચાલી નીકળી. પર્વતોના વિક્રાળ મારગો ખુંદતી ભૂખ અને દુઃખ વેઠતી ચાલી ચાલતાં ચાલતાં એક નદી આવી. તે નદીને તીરે એક વૃક્ષ હતું તે વૃક્ષની નીચે વિસામો લીધો. પાછી થોડી વાર થયા બાદ ચાલવા લાગી. આગળ ચાલતાં એક અરણ્ય આવ્યું તે અરણ્યમાં એક શિલાપર બેઠી ત્યાં મને અનેક તરંગો આવવા લાગ્યાં ત્યાંથી આગળ ચાલી વનમાં અતિશે સંકટ વેઠતાં વેઠતાં આખરે આ રમ્ય જગ્યાએ આવી પહોંચી અને અહીંઆ આશ્રમ કર્યો. કેટલોક વખત ફળાફુળાદિ ખાઈ ગુજાર્યા બાદ એક દીવસે હું શીવપૂજન કરવા ગઇ ત્યાંથી પાછી આવતી હતી. ત્યારે એક કન્યા રથમાં બેસી પરણીને પોતાના સાસરે જતી હતી. તે બાળાએ અહીંઆ બેસી આરામ લીધો. અને જતી વખતે ખુશી થઈ મને આ વસ્ત્રાભુષણો આપ્યાં તેનો મેં સ્વીકાર કર્યો અને વસ્ત્ર આભૂષણો લઇ લીધાં. એમ દુઃખ સુઃખ વેઠતી લાંબા વખતથી હું અહીંઆ રહું છું મારૂં નામ કુસુમ મંજરી છે. મારો પીતા રજપુત હતો. તેના તાબામાં થોડાક ગામ હતાં. તેનું નામ ધીરસીંહ હતું. મહાશય ! હવે મને અનંગ પીડે છે. માટે હવે જો આપ મારૂ પાણિગ્રહણ કરો અને આપની દાસી તરીકે સ્વીકાર કરો તો ઠીક. એમ કહી

તે બાળા અશ્રુપાત કરતી આ રાજકુમાર કેસરીસીંહને ગળે વળગી પડી.

થોડી વારતો કુમાર કેસરીસીંહે મૌન ગૃહણ કર્યું પછી થોડી-વારે તેને યાદ આવ્યું કે પૂર્વ દુઃખનું સ્મરણ તે નવા શોકનું કારણ છે; અને અવર વાર્તાથી વિમુક્ત થએલું આ સ્રીનું મન રએને ગત શોચ કરવા લાગે. એમ અનેક વિચારો કુમાર કેસરીસીંહને આવવા લાગ્યા. થોડીવારમાં કાંતો શ્રમથી, કે ભયથી, કે શંકાથી કે કુબુદ્ધિને વિસ્મૃતિમાં રહેવા દઈ બંને જણ એકજ શિલાપર સુઇ ગયાં.

વયની સમાનતા, યૌવનનો પ્રભાવ, એકનો કુમાર ભાવ, અન્યની વિરહાવસ્થા. અંધારૂં એકાન્ત, અને સ્વરૂપ આદિ કામોતેજક રસાયન સાથે લાગાં મળેલાં છતાં પણ અહા ! કેવી નિર્દોષતા, કેવી પવિત્રતા, અને કેવી પ્રીતિથી અત્યારે અન્યોન્યને ગળે હાથ નાંખી આ બન્નેએ ભર નિંદ્રા લીધી.

ધીરે ધીરે રાત્રી જવા લાગી અંધકાર નષ્ટ પામવા લાગ્યું. અને પ્રભાત થયું તોએ ન ઉઠે આ વીરપુરૂષ કેમ ન જાગે આ નવ યૌવના છેવટે મોઇ સ્વપ્નથી પીડિત થઇ હોય એમ ચમકીને આ સ્રી જાગી. અને સ્નાન ધ્યાન કરવા વિચાર કરે છે.

એટલામાં કાળા કાંબલ ઓઢીને, વદનને ઢાંકીને પાંચ યમ જેવા દારૂણ દેખતા પુરૂષોએ આવી કુસુમ મંજરીના મોંમા ડુચા ઘાલી ઉપાડી આ ખડભડાટથી કુમાર કેસરીસીંહ જાગૃત થયો તો ખરો પણ પોતાની પ્રિયાને તે ચોરોના હાથમાંથી છોડાવી શક્યો નહિ કારણ કે તેના જાગૃત થતાં પહેલાં તેઓ પોત પોતાના અશ્વ ઉપર બેસી કુસુમ મંજરીને લઇ પલાયન કરી ગયા.

હવે કેસરીસીંહ એકદમ પોતાના અશ્વ ઉપર બેસી જે તરફ પેલા ચોરો ગયા હતા, તે તરફ ચાલી નીકળ્યો, આખો દીવસ વીતી ગયો પણ કંઇ પતો ન લાગ્યો અને આખરે ભુખ્યો તરસ્યો એક તળાવ પર આવી ચઢયો. તે તળાવને તીરે એક વડનું વૃક્ષ હતું. તે વડને થડે પોતાનો ઘોડો બાંધી ફળફળાદિ વિણી લાવ્યો. અને પોતાના ઘોડાને ચરવા છોડી મુકયો. અને ફળફળાદિ ખાઇ પાણીપી તૃપ્ત થયો. અને પોતાના અશ્વને પાણી પાઇ તે ઝાડ નીચે આરામ લેવા નિશ્ચય કર્યો.

"હવે શું કરૂં ? મારી ભવિષ્ય ભાર્યાનું શું થશે ? આ પ્રાણ ભલે જાય. ચિત્ત ભ્રમ ભલે થાય દેહ ભલે રીબાય, અથવા ભલે ગમે તે થાય. પણ મારે તેની શોધ કરવી. જો હું તેની શોધ ન કરૂં તો એ રાજપુત્રી મને કેવો ધારે ? વારૂ ત્યારે અત્યારે તો એની મનોહર છબીનુંજ ચિંતન કરૂં" એમ ગણગણતો આ રાજકુમાર ભાન અને નીદ્રાને વિદાય કરતો, યૌવનમાંથીજ કામ વશ થએલો અને આ અબળા બાળાથી જીતાએલો, આમ તેમ ફરવા લાગ્યો વળી કાંઈ આવેશથી તે બોલ્યો, " તેની શી દશા થઇ હશે ? કોણ જાણે ? એની પ્રીતિતો સાચી છે અરે પ્રભુ ! એને દુઃખ દેવું હોય ત્યારે તો એનું દુઃખ મને આપજે. અરે એ પુન મારા જેવી દશા શી રીતે ભોગવશે ? હે દીન બંધુ ! દયાનિધિ ! મેંતો પુર્વ જન્મમાં ઘણાએ પાપ કર્યા હશે પણ આ સકુમાર કોમળાંગીના ખાતર હવે તો આ વિરનો અંત વહેલો આણજે. એને સુખી કરવાને આ દેહ દુઃખને સુખ માનશે માટે હે અંબે ! એને મુક્ત કરવાને મને અવસર વહેલો આપ." આટલું બોલી કેસરીસીંહ નીદ્રાવશ થયો.

વાંચનાર ! હવે આપણે ચંપાનગરી તરફ નજર કરીએ. અહીંઆં રાજા વિજયસીંહને ચાર પાંચ દીવસ સુધી પોતાના પુત્ર કેસરીસીંહની ખબર ન મળી તેથી અત્યંત ચિંતાતુર થયા. ઘણી ઘણી શોધ કરાવી પણ કંઇ પત્તો ન લાગ્યો. કેસરીસીંહ ક્યાં હશે ? શું તે કોઇ જંગલી જનાવરના પંજામાં તો નહિ આવ્યો હોય ? અરે ! દૈવ ! જો એમજ હોય તો મારી શી દશા ? એવા અનેક કુતર્કોથી તેમનું મન દુઃખીત થતું હતું નથી રાજાને નીંદ્રા કે નથી શાન્તિ; નથી લાગતી ભુખ કે નથી લાગતી તરશ; નથી કામમાં લક્ષ કે નથી સુખનો પક્ષ; રાત દિવસ રાજકાર્ય બાજુ મુકીને કેસરીસીંહનીજ ઝંખના કર્યા કરે છે. પ્રધાન પુત્ર રત્નસિંહ કેસરીસિંહનો મીત્ર હતો, તેથી તે પણ ઘણો ચિંતાતુર થયો. દેહ ગેહ કે સ્નેહમાંથી અત્યારે એની સ્મૃતિમાં કશુંએ ન આવ્યું. પોતાના અન્નદાતાનું લૂણહલાલ કરવાનો આવો રૂડો અવસર આવ્યો જોઇ. પરોપકૃતિથી આ ક્ષણભંગુર જીવીતને સફળ કરવાની વેળા પાસે જાણી આ વીર જન પોતાની ગર્જનાશક્તિ હરી લેનાર મે-

ધની શોધમાં ફરતા વિકાળ સીંહની પેઠે. આ ઘોર રાત્રીમાં મરમ કરતો, અશ્વને ચમકાવતો પવન વેગે હીંડયો. ભયમાં પણ તે અભય થયો અથવા તેને ભયનો વિચારજ કયાં થયો હતે ? સો મૃગથી પણ સિંહનું બચ્ચું શાનું બીએ ? તેમાં વળી રત્નસાહને તો આ કૃત્યમાં જીવ જાય તો પણ સદર્થેજ. એટલે તેણે પોતાના મીત્રની શોધમાં નીકળતાં ન જોયું મુહૂર્ત કે ન જોયા શુકન.

આમ શોધમાંને શોધમાં ઘણા દિવસ વીતી ગયા, પણ કાંઈ પત્તો ન લાગ્યો, ત્યારે તેનું મન શોક સમુદ્રમાં પડયું. "અરે ! રે" તે રડતો જાય ને બોલતો જાય. "ઓ રાજપુત્ર કેસરી તું કયાં હઇશ ? મ્હારા ઉપર નોતો રહ્યો પણ આટલા વર્ષ પર્યંત ઉછેરીને મોટો કરનાર ત્હારાં માતપીતા ઉપરનો પ્રેમ કયાં ગયો ? વ્હાલા કેસરી આ તે શું કહેવાય ? કયાં ગયું ત્હારૂં ડહાપણ ? મીત્ર તારી શી હાલત હશે ? વ્હાલા કેસરી કોણ તારી સહાય થતું હશે ? કોણ તને પાણી પાતું હશે ? કોણ ભોજન આપતું હશે ?" આમ બબડતો-રડતો કકળતો-ફાંફાં કરતો આ પ્રધાન પુત્ર રત્નસીંહ ભૂખ્યો, તરસ્યો આગળ ચાલ્યો.

પેલા પાંચ ચોર અને કુસુમ મંજરી એક ટેકરીપર જઈ પહોંચ્યા, ત્યાં એક ઝુંપડી હતી. તે ઝુંપડીમાં આ પાંચ ચોરો અને કુસુમ મંજરી પેઠા. અત્યારે સાંજ પડી ગઈ હતી. ત્યાં પેઠા બાદ એક ભૂત જેવો દેખાતો પુરૂષ અંદર દાખલ થયો. અંધકાર હતોજ તેમાં વળી અંધારી રાત એટલે મોં તો શાનું દેખાય ? અંદર પ્રવેશ કરી આ ભૂત જેવો દેખાતો પુરૂષ બોલ્યો. 'વ્હાલી તે દિવસ રહી હોત આ વલેહ થાત ? કહે હવે આવવું છે ? રાજા તો કોઇના એ નહોય" કુસુમ મંજરી સમજી ગઈ કે આ તો કોઇ બીજાની વાત કરે છે. પણ ગમે તે હો તેમાં પોતાનું હિત માની તે આ ચરિત્ર કરી બોલી. "ભુલ થઇ, પણ હવે કોઇ રસ્તો છે." અંધકારમાં આલિંગન દેઇ પ્રસન્ન થતો તે પુરૂષ બોલ્યો. "હા, ચાલો મારી સાથે, બ્હાર તો ગમે તેવો છું પણ તમને એક શબ્દ પણ કહેનાર નથી." અધીરી થઇ કુસુમ મંજરી બોલી. ચાલો ત્યારે, હું તમારાથી કયાં વેગળી છું." "આજ રાત્રી અહીં

આજ વિશ્રામ લ્યો, કાલ સવારે હું આવીશ, અને તમે મારી સાથે ચાલજો." એમ કહી તે પુરૂષ ત્યાંથી ચાલ્યો ગયો.

અહીંઆં કેસરીસીંહ ભર ઉંઘમાં સુતો છે. તેને સ્વપ્નુ થયું. કેસરીસીંહે સ્વપ્નામાં પોતાની ભવિષ્ય ભાર્યાને જોઇ તે એક ગાઉ ઉપર એક ટેકરી પાસે એક ઝુપડીમાં છે. એમ કેસરીસીંહને ભાસ થયો.

પ્રભાત થતાંજ કેસરીસીંહ ઉઠયો. દાતણ પાણી કરી ત્યાંથી પોતાના અશ્વપર સ્વાર થય ચાલ્યો ચાલતા ચાલતા તે ટેકરી પાસે આવી પહોંચ્યો. ત્યાં તેની નજરે એક ઝુંપડી પડી, પોતાનું સ્વપ્ન ખરૂં ઠરવાથી તેની આશા વધી.

પેલો ભુત જેવો રાત્રે આવેલો પુરૂષ સવાર થતાંજ ત્યાં આવી પહોંચ્યો. અને કુસુમ મંજરીને પોતાની સથે ચાલવા કહ્યું. કુસુમ મંજરી બીચારી દુઃખની મરી બહુ વાર સુધી એક ટશેને એક ટશે તેના સામુ જોઈ રહી. ને દીન વચને બોલી. "બાઇ! મને કયાં લઇ જાઓછો." પણ કંઇ જવાબ મળ્યો નહિ. ત્યારે તે અનાથબાળા સમય સુચકતા વાપરી. તેને શરણુ થઇ. કુસુમ મંજરી ચાલી. દુષ્ટ વાસનાથી ઘેરાએલો ઠગારો કુસુમ મંજરીને પોતાના ઘર તરફ લઇ ચાલ્યો. રસ્તામાં પણ કુસુમ મંજરીને પોતાની આપ વડાઇ બતાવવા લાગ્યો. અંદરથી કુસુમ મંજરીનું મન સંકોચાયું. પણ લાચાર! અંતે તેના ઘર તરફ ચાલી. નિર્દોષ હરણી, વાઘના પંજામા સપડાણી: સતી આ ચંડાળને શરણે પડી. ચતુરની નજર ચોગરદમ ફરતી હતી. થોડીવારે દુઃખથી તેનું હૃદય ભરાઇ આવ્યું અને મોટેથી બોલવા લાગી. "શી કુદરતની કૃતિ, અદભુત આવભાવથી નિસર્ગીય લીલાનો કોણ પાર પામે! અહા! કુદરતની રચના! કયાં કેસરીને ક્યાં હું!" એમ બોલી ત્યાંજ બેસી ગઇ. તેથી પેલો ચંડાળ પુરૂષ ગુસ્સે થયો. અને કુસુમ મંજરીને કડવાં વચનો કહેવા લાગ્યો. પણ કુસુમમંજરીએ મુનિવ્રત ધારણ કર્યું. બોલવા માટે જીવ્હાને અટકાવી; કાને સાંભળવાના સોગન લીધા. નયને જોવા છતાં દૃષ્ટિ મનન કરવાને હઠીલી થઇ. તે ચંડાળ પુરૂષે નમ્ર અને કઠણ દરેક ઉપાયો યોજ્યા. પણ નિષ્ફળ થયો. આ-

બરે બળાત્કાર કરવા ગયો. એટલે જીવના જોખમે હીમત, અને ધીરજથી કુસુમ મંજરી તે ચંડાળ પુરૂષ સામે લડવા તત્પર થઇ. દાનવોના ઘાતકો સંતાપથી મહાકાળી પોતાના લાલ અને રક્ત નેત્રાથી ક્રોધ રૂપી અગ્નિ પ્રવર્તાવી અસુર દળને ઠાર કરવા તીર ફેંકે તેમ કુસુમ મંજરીએ પથરનો વરસાદ વરસાવ્યો. આ તોફાન જારી હતું તેવામાં કેસરીસીંહ ત્યાં આવી પહોંચ્યો જાણે દ્રૌપદીની લુંટાતી લજ્જા બચાવવા પ્રભુએજ પ્રેરણા કરી હોય તેમ કુસુમ મંજરી તરફ એક ઘોડેસ્વાર ઘોડાની લગામ ખેંચી દોડતો આવી પહોંચ્યો. ચંડાળે તે વીર પુરૂષ સામું જોયું. અને અંજાઇ ગયો. અને જીવ લઇને નાસવા માંડયો. નિર્દોષ કુસુમ મંજરી બેશુદ્ધિને શરણ થઇ ભુમિને પોતાની રક્ષદાતા ગણીને પડી ગઇ. આ ઘોડેસ્વાર કેસરીસીંહ હતો. કેસરીસીંહે તમંચાનો એક બાર કર્યો, પણ તે તે ચંડાળના હસ્તપર વાગ્યો. તેથી બીજો બાર કર્યો. તે તેની ગરદનપર વાગ્યો. અને તેથી ભુમિપર ઢળી પડયો. પડતાની સાથે તેના પ્રાણ જતા રહ્યા. આ ચંડાળને અહીંઆ પડતો મુકી કેસરીસીંહ તે બાળાની સંભાળ લેવા ગયો. ત્યાં જઇ જુએ છે તો કુસુમ મંજરી મુર્છિત થઇ પડેલી છે. તેની પાસે કેસરીસીંહ બેઠો. અને તેનું મુખારવિંદ જોયું. જોતાંજ તેને પણ મૂર્છા આવી અને તે પણ તેનાપર ઢળી પડયો. થોડાવારે કેસરીસીંહ મૂર્છામાંથી જાગૃત થયો. અને કુસુમમંજરીને ઉઠાડવા લાગ્યો. ઘણીવારે કુસુમમંજરી શુદ્ધિમાં આવી. ગભરાએલી અને અકળાએલી છતાં, છંછેડાએલી અને વિકાળ છતાં, ધીરજવંત અને હીમતવંત નારીએ ચોતરફ જોયું. તુરત તેની નજર કેસરીસીંહપર પડી. "કોણ, કેસરીસીંહ ! મારા રક્ષદાતા ! તમે અહીં કયાંથી ? હાય !" દયાળ ચિત્તે કેસરીસીંહના ખોળામાં કુસુમ મંજરી બોલતાં બોલતાં પડી ગઇ. ચોધાર આંસુડા પાડવા લાગી. અંતર આકાશમાં થતા ધડાકાના અથડાવાથી વીજળીની ચમક પ્રસરી. અને ફરીને મૂર્છિત થઇ. અને થોડીવારે શુદ્ધિમાં આવી. તુરત મન વેગનો વાયુ નરમ પડયો. અને શાન્તિ રૂપી સૂર્યે અંધકારનો નાશ કરી દીધો. કેસરીસીંહે કુસુમ મંજરીનું શાન્તવન કરી આગળ ચાલવા માંડયું. કુસુમ મંજરીને

હકીકત પુછવાનું મૂલત્વી રાખ્યું શરમાળ પુતળી શરમાણી. કેસરીસીંહ તેના શરમાળ આંખમાં વિવેકનું અંજન આંજીને શીતળ કરી. દારૂણ દુ:ખમાં પડેલી સુંદરીના પરિતાપને શાન્તિ રૂપી જળથી ઠંડો કર્યો. અને એક વૃક્ષ નીચે બેઠાં.

પેલો પ્રધાન પુત્ર રત્નસીંહ વનવગડે રખડતો, રઝળતો, રાતદિવસ રસ્તો કાપતો એક પ્રેમપુર નામે ગામમાં આવી પહોંચ્યો. આ ગામના રાજાનું નામ ધર્મસેન હતું. તેને એક વિદ્વાન અને ગુણવાન પ્રધાન હતો. તેને એક પુત્રી હતી. તેનું નામ વિમળા હતું. અને તેની ઉમર આશરે તેર ચૌદ વર્ષની હતી. "પુત્રી ઉમર લાયક થઇ માટે હવે તેના યોગ્ય વર શોધીને લગ્ન કરવા જોઇએ." એમ વિચાર કરતો આ પ્રધાન પોતાના શહેરમાં ફરવા નીકળ્યો છે. પેલો પ્રધાન પુત્ર રત્નસીંહ નગર ચર્ચા જોતો જોતો પોતાના અશ્વ પર બેસી ચાલ્યો જાય છે. તે પેલા પ્રધાનની નજરે પડયો. નજરે પડતાં પ્રધાને રત્નસીંહને બોલાવ્યો અને પૂછયું. "આપ કોણ છો? અને અત્રે કેમ પધાર્યા છો?" પછી રત્નસીંહે કહ્યું "મહારાજ હું ચંપાનગરીના પ્રધાનનો પુત્ર છું; મારૂં નામ રત્નસીંહ છે. અને હું ફરવા નીકળ્યો છું." આમ નામ ઠામ પુછયા બાદ પેલો પ્રધાન રત્નસીંહને પોતાને ઘેર તેડી ગયો. અને ગરમ પાણી મેલાવી સ્નાન કરાવ્યું સ્નાન કરાવ્યા બાદ જમવા તેડી ગયો. અને પછી તેમને એક ઓરડો આરામ લેવા આપ્યો. થાકેલો હોવાથી, અને પાસેના નાના બગીચાના પુષ્પ વૃક્ષોની મધુર સુગંધથી રત્નસીંહ તુરતજ નિંદ્રા વશ થયો. થોડીવાર પછી પ્રધાન પુત્રી કાંઈ કામસર ત્યાં આવી. અને રત્નસીંહને સુતો જોઇ ઓરડામાં પ્રવેશ કરતી અટકી અને રત્નસીંહને જોવા લાગી. થોડીવારે રત્નસીંહ જાગૃત થયો. એટલે બન્નેના ચક્ષુ ચંદ્ર ચકોરી સમાન પ્રેમ નજરથી યા મોહ દ્રષ્ટિથી ચળકી રહ્યાં. થોડીવાર સુધી એક એકના સામુ જોઇ રહ્યાં અલબત પુરૂષ કરતાં સ્ત્રી વધારે મોહ પેદા કરે છે. તેમ આ સુંદરીએ રત્નસીંહનું મન હરી લીધું. ખરેખરા હરી લે તેમાં નવાઇ ન હતી. જાતે તેર ચૌદ વરસની અને સ્વરૂપે સુંદર હતી. તેમજ કોમળ વદન પર તે બાળાએ ઝીણું અંગવસ્ત્ર ધારણ કર્યું હતું અને તેના

માથાના વાળ તુરતના ધોએલા હોવાથી છુટા હતા. પ્રવાસી રત્નસીંહની દૃષ્ટિમાં તો ખરેખર એક રંભા નહિ પણ વિશ્વામીત્રની મોહિની મેનકા સમાન લાગતી હતી. અને વધારે મોહ પામવાનું કારણ મુખમુદ્રા સાથે મળેલા છુટા કેશ હતા. થોડીવાર સુધી આ બાળા સ્તબ્ધ ઉભી રહી. અને પછી નયન કટાક્ષ ફેંકતી ચાલી ગઈ. રત્નસીંહ મોહ અંધ બન્યો. રાત્રે જમ્યા બાદ તે સુઇ રહ્યો પણ તેને ન આવે નિંદ્રા કે ન ગમે બેસવું તે વિમળાને જોવા ચાહતો હતો. આખી રાત વિમળાની મુખમુદ્રા જોવાનો લાભ આપી શકે એવી ગોઠવણ કુદરતેજ કરી મુકી હતી. એટલે જે ઓરડામાં રત્નસીંહ સુતો હતો તેની અને વિમળાના સુવાના ઓરડાની વચ્ચે જે દીવાલ હતી તેમાં લોઢાના સળીઆની જાળી હતી.

આ મુગ્ધ કન્યા સુવા ગઈ, ઓરડાના દરવાજા બંધ કર્યા પછી પુસ્તક વાંચવા લાગી. અને પથારીમાં પડી અર્ધ અંગ તેનું ઢાંકેલું હતું એક હાથ માથાને ટેકાવ્યો હતો. અને બીજો પુસ્તકના પાના ફેરવવામાં રોકાએલો હતો. તેની સ્વચ્છ પથારીપર પથરાએલા વાળ દીવાના તેજથી મોહિની પેદા કરતા હતા.

આવી સ્થિતીમાં જ્યારે રત્નસીંહે વિમળાને જોઈ ત્યારે તે પ્રેમબાણથી જખમી થયો. અને બોલી ઉઠયો, આ મુગ્ધા કોણ હશે ? શું તે મારા પર પ્રેમ રાખતી હતી હશે ? અહા ! આ રતો કોના ભાગ્યે હશે ? ” આ શોચ થતાંજ કુમારીકાના મધુર કંઠમાંથી નીચેના શબ્દો નીકળ્યા:—

“ ઘુવડ પક્ષી દીવસે ન જુએ તેમાં સુર્યનો શો વાંક ? વર્ષાદ ચાતકના મુખમાં ન પડે તેમાં મેઘનો શો વાંક ? આ શબ્દો સાંભળતાં રત્નસીંહની અધીરાઇનો પાર રહ્યો નહિ. તેનાથી બોલી ન શકાયું ત્યારે અન્યોન્ય પ્રેમદૃષ્ટિથી જોવા લાગ્યાં. ચંદ્રના તેજથી કુમુદિની ખીલી. “ શું આ પુરૂષ મને ચાહતો હશે ? શું આની જોડે વાત કરવાનો પ્રસંગ મને મળશે ? ” આ મોહિની આ મુગ્ધાને પેદા થઇ. થોડીવારે રત્નસીંહ બોલ્યો. “ વિદ્વાન બાળા તમે કોણ છો ? ” “ હું એક કુંવારી કન્યા છું. અને આ પ્રધાનની પુત્રી છું. એથી હું માગી લઉછું કે આપ મારા કહેવા પર ખોટું ન લ-

ગાડતાં સવારે મને મળી વાતચીત કરવાનો પ્રસંગ આપશો.” એમ બોલી નિંદ્રાદેવીને વશ થઇ.

બીજે દિવસે રત્નસીંહનો અને આ બાળાનો એક નાના બગીચામાં મેળાપ થયો. અન્યોન્યા દષ્ટિ એક થતાં ચંદ્ર કુમુદિની અવસ્થા થઇ.

પ્રેમનો પ્રભાવજ એવો, પછી શું વર્ણન ? સોનું અને તેમાં કુંદન જડયું, યુવાન અને તેમાં પ્રેમ મળ્યો, દુધ અને તેમાં સાકર મળી, મોતીને હંસ ચગનાર મળ્યો, હીરાને ઝવેરી મળ્યો. પછી શી ખામી.

જે તરફ વિમળા ઉભો હતી, તે તરફ રત્નસીંહ ચાલ્યો આ વખતે આ પ્રેમી જોડું કુદરતી રીતેજ મળી ગયું. રત્નસીંહ પોતાના મીત્રનું ભાન ભુલી ગયો અને આ ચકોરીના ક્રાન્તિપર મોહિત થયો અને આ મુગ્ધ કન્યાને પોતાની પ્રિયા કેમ કરવી એ વિચાર કરતો ઉભો રહ્યો. થોડીવારે હૃદયના ઉલ્લાસથી, પણ મર્મોળા વચનોમાં મધુરતા દેખાડી વિમળા અમૃત પ્રવાહ ચલાવતી હોય તેમ બોલી “ હું જાણીછું. ”

આ શબ્દો સાંભળતાં રત્નસીંહ ઘણો ચિંતાતુર થયો. અને થોડીવાર સુધી સ્તબ્ધ ઉભો રહ્યો પછી એકદમ તેનો હાથ ઝાલી ઉભી રાખી થોડોવાર વાતચીત કર્યા બાદ ઘરમાં આવ્યા અને વિમળા પોતાના ઓરડામાં ગઈ. રત્નસીંહ પણ પોતાના ઓરડામાં ગયો. પણ રત્નસીંહને કંઇ સુઝ પડી નહિ. પછી તે નગર ચર્ચા જોવા ગયો. નગર ચર્ચા જોતો જોતો તે એક તળાવપર આવી પહોંચ્યો ત્યાં રંગબેરંગી સાડીઓ પહેરી માથે બેડાં લઇ પાણી ભરી બાયડીઓને જતી જોવા લાગ્યો. ત્યાં તેને પોતાના મીત્રનું શોધ કામ યાદ આવ્યું પોતાના ખરા, હિતેચ્છુ અને સાચા મિત્રની સ્થિતિ વિષે વિચાર કરવા લાગ્યો. શોકથી તે દુઃખ સમુદ્રમાં ડુબવા લાગ્યો મીત્રની જંગલમાં થતી દશાનો વિચાર ઉપજવાથી કાળજું બળવા લાગ્યું. શું કરવુ તેની શુઝ પડી નહિ. આખરે પ્રધાનના ઘર તરફ આવવા પાછો વળ્યો રત્નસીંહને રસ્તામાં પાછો પોતાની પ્રિયા થનાર વિમળાનો વિચાર આવ્યો. રસ્તામાં તેનું મન વિમળા વિષેના વિચાર સમુદ્રમાં ગોથાં ખાવા લાગ્યું. અર્ધો કલાક થયો નહિ તેટલામાં તે પાછો ઘેર આવ્યો અને

પોતાના ઓરડામાં ગયો. ઓરડામાં પેશતાં વારજ રત્નસીંહની ભવિષ્ય ભાર્યા અંદર આવી. રત્નસીંહે સમય ઠીક ધારી કહ્યું, "તમારૂં મધુર જળ પાશો ?" પાણીને બદલે વિમળાએ દુધ લાવી રત્નસીંહને આપ્યું. આંખનું બાણ ફેંકી હંસગતીએ ચાલતી દુર જઇ ઉભી. અને રત્નસીંહના સામું એક ટશે જોઇ રહી.

"આટલી બધી તસ્દી મારે માટે, જળ ત્યાં દુધ." રત્નસીંહે આશ્ચર્યતાથી કહ્યું. "ગરમ થતુંજ હતું. પ્રભાતમાં હમે દુધ પીએ છે." એમ વિમળાએ પ્રત્યુત્તર વાળ્યો.

"આ દુધની મીઠાશનું શું વર્ણન કરૂં !"

"ચંપાનગરીના જેવું સુગંધીદાર દુધ તો ક્યાંથી હોય." એમ મર્મમાં વિમળાએ કહ્યું.

"સ્નેહ કને સર્વે સરખુંજ છે. સ્નેહનું લુખુ ભોજન મન વિનાના અમૃત ભોજન કરતાં અધિક પ્રિય હોય છે." એમ રત્નસીંહે જવાબ આપ્યો.

એમ વાર્તા વિનોદ કરતા કેટલોક વખત વીતી ગયો. "હજુ પ્રેમની યાદગીરીની કંઇ નિશાની નથી. પ્રથમ મુલાકાતની યાદગીરી શી રીતે રહે."

પ્રેમની યાદગીરી હૈડું; કેમકે પ્રેમ સદાય હૃદયમાં જવસેલો છે." "ઇશ્વરે જો તમ સરખુ રત્ન મેળવ્યું તો તેનો લાભ હું કેમ ન લઉં" "બસ પ્રિયા મન અધીરૂં થઇ ગયું છે. આવ ભેટ, ચુંબન દે, વિરહીનો તાપ શાન્ત કર."

રત્નસીંહની જીભ આ વિમળાના ગોરા ગાલપર પડી. ચુંબન કરતાંની સાથે પોતાનો મીત્ર યાદ આવવાથી બેશુદ્ધ થઇ ગયો થોડી વારે જાગૃત થઇ રત્નસીંહ બોલવા લાગ્યો. "કોમળાંગી, તારી ઉત્તમ વૃત્તિ અને મનો ભાવનાથી મારા મનને જે આનંદ થયો છે. તે શી રીતે દર્શાવું ? આપણી સર્વ ઇચ્છા પરમ કૃપાળુ પ્રભુ પુર્ણ કરશે, કે જેની પ્રેરણાથી આ સંબંધ બંધાયો છે." એમ બોલતા બોલતા વિમળાના ખોળામાં પડી ગયો. અને અશ્રુપાત કરવા લાગ્યો.

વિમળા—વ્હાલા ! આપને આશા વિચાર પ્રગટયા, અહો ! પ્રાણનાથ તમે એકદમ કેમ રડવા લાગ્યા. પ્રાણપતિ હમણાંતો તમે મને પ્રેમવચને કરી કામ સાગરમાં ઝીલાડતા હતા, અને હવે આમ

કેમ કરો છો? પ્રાણનાથ! તમને શું દુઃખ છે તે કહોતો ખરા. હું મારા બનતા યત્નો કરી તમારૂં દુઃખ નિવારણ કરવા તત્પર છું. મારા આધાર તમે જરા પણ શોચ કર્યા વગર મને કહી દો.

રત્નસીંહ—વ્હાલી ત્હારાથી તે થનાર નથી. કારણ કે તે અતિ સંકટનું કામ છે.

વિમળા—એવું તે શું છે? તમને મારા સોગન છે જો સાચું ન કહોતો. રત્નસીંહ—ત્હારી પાસે માફી માગી કહુ છું કે મને છ માસની રજા આપ. કારણ કે મારે મારા મીત્રની શોધ કરવી છે. હું મીત્રની શોધ કરવા નીકળ્યો હતો. અને દૈવયોગે અહીં આવી પહોંચ્યો. અહીં આવતા ત્હારા પ્રેમમાં પડયો અને તે વાત વાસરી ગયો હતો. પણ હાલ મને યાદ આવવાથી મારૂં મન અતિ દુઃખીત થાય છે. માટે મને રજા આપ. હું તને છ મહીનામાં આવીને મળીશ.

વિમળા—શીર છત્ર! આપનું કહેવું ખરૂં છે. આપ અહીં રહો અને મીત્રને પડતો મુકો એમ મારાથી પણ શી રીતે કહેવાય. મારૂં જે થવાનું હશે તે થશે; તેની મને કંઇ ચિંતા નથી. આપ વિશેષ ખેદ કરશો નહિ. આપના મીત્રની શોધ કરી મીત્ર સાથે આપ અત્રે પધારશો એટલે હું આનંદ માનીશ. આપ ખુશીથી જાઓ કારણ કે મીત્રનો ધર્મ છે કે પોતાના મીત્રનું ભલું ઇચ્છવું, મીત્રમાં દુરાચરણ હોય તો તે દુરાચરણમાંથી મુક્ત કરવાને પ્રયત્ન કરવો. વળી મીત્રના સંકટ વખતે મીત્રને સહાયતા આપવી. વળી કહ્યું છે કે. ચડતા દહાડાના દોસ્તોની પરિક્ષા પડતા દહાડામાં થાય છે.” તેમ આપની પરિક્ષા થવાનો આ વખત છે માટે સુખેથી જાઓ.

આમ પોતાની ભવિષ્યમાં થનાર પત્નીની રજા લઇ રત્નસીંહ પ્રધાન પાસે આવ્યો અને રજા માગી પોતાને પંથે નીકળ્યો.

ગરીબ બિચારી કુસુમ મંજરી અને કેસરીસીંહનું શું થયું. તે જાણવાને પ્રિય વાંચકો આતુર થઇ રહેલા હશે. માટે તેના સંબધમાં કેટલીક જાણવા જોગ હકીકત અત્રે આપવાની જરૂર છે. એક વૃક્ષ નીચે તેઓ બેઠા. પછી કેસરીસીંહે કુસુમ મંજરીને સર્વ હકીકત પૂછી અને કુસુમમંજરીએ સર્વ હકીકત કહી સંભળાવી. કુસુમ મંજરીની હકીકત સાંભળી. અને પેલા ચોરોનું વેર લેવા નિશ્ચય કર્યો. કુસુમ મંજરીને એક સ્થળે બેસાડી પેલા પાંચ ચોરોની ખબર

લેવા કેસરીસીંહ ચાલ્યો. થોડેકજ દુર જતાંજ કેસરીસીંહને પેલા પાંચ ચોરો સામા મળ્યા. તેમને જોઇ કેસરીસીંહ અતિ ક્રોધે ભરાયો. કોમળતા અને સુંદરતા ધારણ કરનાર એક સતી સ્ત્રીને સતાવી તેની લાજ લેવાને તૈયાર થએલા પેલા પાંચ અઘોરીથી પણ ઘોર કર્મ કરનાર ચોરોને જોઇ કેસરીસીંહે પાસે શસ્ત્ર હતું તેપર હાથ નાંખ્યો. જેવા આ પાંચ ચોરો કેસરીસીંહને જોઈ નાશી જવા યત્ન કરે છે તેવીજ કેસરીસીંહની તલવાર આકાશની વીજળીની માફક ચમકતી મ્યાનમાંથી નીકળી. અને પાંચે જણનું રૂધીર પીવા શરૂ કર્યું. દુષ્ટો ગભરાયા. તેઓ થરથર કંપવા લાગ્યા. પણ નાઠા નહિ. તેઓ ચોરો હતા છતાં પણ શુરા હતા. તેથી તેઓ પણ પોતાના શસ્ત્રો કાઢી. કેસરીસીંહ સામે કુદી પડયા. પટા રમવામાં હુશીઆર અને રણ યુદ્ધમાં નિપુણ, એટલે વીર કેસરીસીંહને આ પાંચ ચાંડાળ પુરૂષોનો ડર ન હતો. તેમ આવેલા તેને જીવવાનું કે મરવાનું ભાન ન હતું. એટલે આ દુષ્ટોને તો છુંદી છુંદીને મારવાને સામ સામી કચકચતા દાંત દેખાડી એક જણના ઉપર તો તેણે એવો ઉછળીને ઘા માર્યો કે તેના ઉભાને ઉભા બે કડકા થઇ ગયા. પણ બીજી બાજુએ રહેલા પેલા ચાર જણ પણ બેસી રહ્યા નહોતા. તેથી તેમનામાંના એકે પાછળથી કેસરીસીંહના ઉપર બે ચાર ઘા કર્યા પણ તે ઘણો હુશીઆર હતો તેથી ઘા બચાવી ગયો. તોપણ એક ઘા તેના ખભાપર વાગ્યો. અને તેથી તેનો ખભો જખમી થયો. પણ કેસરીસીંહ તેની દરકાર ન કરતાં જેવો એક બીજો ચોર તેની છાતીમા શસ્ત્ર ભોંકવા પ્રયત્ન કરે છે. તેવીજ કેસરીસીંહે પોતાના હાથમાં રમતી તલવારને તે દુષ્ટના ગળાપર એવા તો જોરથી ફેરવી કે. "રામ" કહી તે ભુમીપર ગબડી પડયો. ઘણીવાર સુધીઆ યુદ્ધ થતું રહ્યું. તેમાં બે ત્રણ ઘા કેસરીસીંહના બરડામાં પણ વાગ્યા. એક તેના ખભાપર વાગ્યો. ખભાપર લાગેલા ઝટકામાંથી નીકળતું લોહી કેસરીસીંહે જોયું. અને તેનો ક્રોધ સમાયો નહિ. તેથી આ કાયરો સામો તે એકદમ જેમ બીલાડી ઉંદરના ઉપર તલાપ મારે તેમ કુદી પડયો અને એકનું ડોકું ઉડાવી દીધું. આ વખતે બીજા ત્રણને મરેલા જોઇ આ રહેલા બે જણે નાસવા માંડયું. આ વેળાનો દેખાવ જોનારને મનુષ્ય પ્રાણી માત્રનો સ્વાર્થ દેખાડી આપતો હતો.

માથેથી ઉતરતી સગા આપપર પડવા દેઈ જીવ લઇ આ બન્ને દુષ્ટો નસાય તેમ નાઠા. આગળ જતા એક પહાડ આવ્યો. તે પહાડની ખીણમાં આ બન્ને જણ પેઠા. પેસતાં પેસતાં કેસરીસીંહે તેમને પકડી પાડયા. અને આ બન્નેના મસ્તક ઉડાવી દીધાં. પાછળ કુસુમ મંજરી પણ આવતી હતી. જે વખતે કેસરીસીંહે ફેલ્લા રહેલા ચોરનું મસ્તક ઉડાવી દીધું. તે વખતે પડતાં પડતાં તે ચોરની લાત કેસરીસીંહના પેઢુમાં વાગી. અને તેથી મુર્છિત થઇ ભૂમીપર પડયો.

દુષ્ટો મરાયા, પણ કેસરીસીંહ મુર્છિત થયો. તે જોઇ કુસુમ મંજરી ગભરાઈ શું કરવું તે આ વખતે તેને કંઇ ન સુઝયું. પોતાના શૃંગારનું કારણ, પોતાના યૌવનનો માલી, પોતાના સુખ દુઃખનો સાથી, પોતાનો પ્રાણપતી, અને જેમાં પોતાનું સર્વ સ્વસામાએલું છે એવો પોતાનો રૂપવાન, ગુણવાન, અને બુદ્ધિમાન પતિ મુછિત થયો. તે જોઇ કુસુમ મંજરી ગાભરી થઈ તેની તરફ દોડી. અને ત્યાં આવી કેસરીસીંહનું મસ્તક પોતાના ખોળામાં લઇ બેઠી. આ વખતે કુસુમ મંજરીની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા.આ બનાવ જોઇ કુસુમ મંજરીને ઘણું લાગી આવ્યું. તેનુ હૈડું એકદમ ગભરાઇ આવ્યું. તોપણ ધીરજ રાખી બેઠી. અને બોલવા લાગી "અરે જો હું આવું જાણુત કે તમારી આ દશા થશે તો હુ તમને કદી પણ જવા ન દેત. આમ કલ્પાંત કરવા લાગી.

થોડી વારે કેસરીસીંહ શુદ્ધિમાં આવ્યો. તેવો તે બોલ્યો. "અરે મારી વ્હાલી, મારા દુઃખમાં ભાગ લેનારી કુસુમ મંજરી તું કયાં છે.? શું હું આ સ્વપ્નું જોઉ છું કે ખરૂં છે.? આ સાંભળી કુસુમ મંજરી બોલી " મારા વ્હાલા, મારા પ્રાણ રક્ષક ! આ સ્વપ્નુ નથી પણ આ તમારા ચરણની રજ પોતેજ તમારી પાસે બેઠી છે. જયારે તમે પેલા દુષ્ટને મારી ઘોડાપરથી પડયા ત્યારે મેં તમને જોયા અને આ તરફ દોડી આવી, અને આપના પાસે આવી બેઠી."

આમ વાર્તા વિનોદ કરતાં દારૂણ દુઃખ વેઠતાં તેઓ આગળ ચાલ્યા. આગળ ચાલતા ચાલતા એક ઠેકાણે એક જોગીરાજ બેઠેલા નજરે પડયા તે જોગીરાજને આ બંન્ને જણ તેની પાસે જઇ પગે લાગી ત્યાં બેઠાં અને જોગીરાજના પૂછવાથી પોતાની વિતેલી વાત કહી સંભળાવી. આ સાંભળી જોગીરાજે દયાથી એક વૃક્ષના

પાંદડા તોડી બે ટોપીઓ કરી અને આ રાજપુત્ર કેસરીસીંહને આપી અને કહ્યું કે આ ટોપી માથે મુકવાથી તમને કોઇ જોઇ શકશે નહિ. રાજકુમાર કેસરીસીંહે નમન કરી બંન્ને ટોપીઓ લઇ લીધી અને આગળ ચાલ્યા આગળ ચાલતા એક પહાડ પાસે આવી પહોંચ્યા આ પર્વતની શોભા ઘણીજ મનોહર હતી.આ પર્વત ઉપર ચંદનના વૃક્ષો એવાં તો સુંદર હતાં કે સુગધીદાર પદાર્થોથી સ્નાન કરાવેલા બાળકની પેઠે તેના અંગ રૂપી તમામ ભાગોમાંથી સુગંધી બહેકી રહી હતી. કેતકી, માલતી, સેવતી, જુઇ, જાઈ, ચંપા, ચંબેલી, મોગરા, ગુલાબ આદિ અનેક સુગંધીદાર પુષ્પોના રંગબેરંગી રોપા અથવા વેલાઓ આવી રહેલા હતા. કેળ, ફનસ, આંબા વગેરે વૃક્ષોપર અમૃતના જેવા સ્વાદિષ્ટ ફળો લચી રહ્યાં હતાં. વળી આ સ્થળે તેજાનાના ઝાડો પણ ખુબ હતાં સદ્દગુણી અને સદાચારી માણસ જેમ જેમ વય, વિદ્યા અને દોલતની વૃદ્ધિ પામે છે, તેમ તેમ તેનું હૃદય ઉદાર, ગર્વ રહિત અને પરોપકારી થતું જાય છે તેમ આ વૃક્ષો જેમ જેમ વધતાં હતાં તેમ તેમ નીચે નમી આશ્રય લેનારને વગર મહેનતે ફુળ અને ફળાથી તૃપ્ત કરતાં હતાં મયુર, કોયલ અને બીજા અનેક પક્ષીઓ મધુર સ્વરે ગાતાં હતાં. મયુરો નૃત્ય કરતા હતા. અને ઢેલો પોતાના સ્વામીની સુંદરતા જોઈ ખુશી થતી હતી. આ પર્વતના કેટલાક ઊંચા શીખરો બરફથી છવાઇ રહ્યાં હતાં. અને તે એવા તો ઊંચા હતા કે આકાશ સાથે તેમનો કંઈ સંબંધ હોય એમ જોનારને દેખાઈ આવતું હતું. અને પર્વતમાંથી પાણીના ધોધ પડતા હતા. અને તેના ઝરણથી અનેક નદી, નાળાઓ ભરપુર હતા. અને આ વહેતી ધારાઓ બાગ બગીચાને ફળદ્રુપ કરતી હતી. આવી મનોહર શોભા આ પર્વતની થઇ હતી. તે પર્વતપરથી ફુળફળાદિ ખાઇ પાણી પી તૃપ્ત થઈ એક ઠેકાણે બેઠાં અને કેસરીસીંહે એક વાર્તા શરૂ કરી:—

પૂર્વે કનકાવતી નામે એક સુંદર નગરી હતી. ત્યાંનો રાજા સર્વ વાતે સુખી હતો. પણ તેના પેટે પુત્ર નહોતો. તેથી ઘણો ઉદાસ રહેતો હતો. કોઈ સત પુરૂષનું વચન ફળે એમ ધારી તે રાજા પોતાના નગરમાં જેટલા જોગી, સન્યાસી, બ્રાહ્મણ વીગેરે આવે તેની સેવા તનમન ધનથી કરતો. એક દીવસનો સમાજોગ છે ત્યાં એક

જોગીરાજ આવી ચઢયો. બીજા બ્રાહ્મણો ત્યાં હતાં. તેઓએ રાજાને ખબર આપી. તેથી રાજા ખુશી થઇ ચંદન, અરગજા, પુષ્પ વગેરે સર્વ સામગ્રી લઇ રાજા ત્યા આવ્યો. અને જોગીરાજને વંદન કર્યું. અને પુજન કર્યું પુજન કર્યા બાદ જોગીરાજે પ્રસન્ન થઇ કહ્યું કે "માગ વરદાન" રાજાએ કહ્યું "મહારાજ! મહારે સર્વ વાતનું સુખ છે પણ પુત્ર નથી. તેથી મહારાજ હું ઘણો દુઃખી છું માટે મને એક બત્રીશ લક્ષણો પુત્ર આપો કે જેથી મારૂં રાજપાટ ભોગવે." જોગીરાજે કહ્યું કે "જાતું તારી રાણીને આજે રતુદાન આપ અને તે પ્રમાણે થશે." એમ કહી જોગીરાજ અંતર્ધ્યાન થયા. રાજાએ જોગીરાજના કહેવા મુજબ કર્યું. અને દશે માસે રાણીને પુત્ર પ્રસવ થયો અને તેનું નામ ચંદ્રસીંહ પાડયું હવે રાજકુંવર સાત વરસનો થયો. ત્યારે રાજાએ ચંદ્રસીંહને નીશાળે ભણવા મુકયો. ને તેની સાથે પ્રધાન પુત્ર મીત્રચંદને પણ મુકયો. જે નિશાળે આ બે જણ ભણતા હતા તે સ્કુલમાં બીજા પાંચ બત્રીશ લક્ષણા છોકરાઓ ભણતા હતા. એકનું નામ માણેકચંદ બીજાનું ધનંતર ત્રીજાનું ચીત્ર મન ચોથાનું રસરંગ અને પાંચમાંનું નામ વિદ્યાચંદ હતું પાંચ જાણ્યા અને રાજપુત્ર તથા પ્રધાન પુત્ર એ સાતે જણને મીત્રતા ઘણી હતી તેઓ એક બીજાથી એક ઘડી પણ જુદા રહેતા નહોતા એમ સાત વરસ નીશાળે ભણ્યા. અને ચંદ્રસીંહ ચૌદ વરસના થયા. હવે રાજાએ ચંદ્રસીંહને એક મહેલ બંધાવી આપ્યો. અને એક સુદર બગીચો કરાવી આપ્યો કે જેમાં નાના પ્રકારના પુષ્પ વૃક્ષો તેમજ ફળફળાદિ વગેરેના ઝાડો હતાં હવે રાજકુમાર ચંદ્રસીંહ ત્યાં રહેવા લાગ્યા. એક દીવસ રાજકુમાર ચંદ્રસીંહે ત્યાં નાચરંગ કરાવ્યો. ગમતમાં અરધી રાત્ર વીતી ગઈ. તેથી સાતે મીત્રો ત્યાંજ સુઇ રહ્યા. રાત્રે રાજકુમાર ચંદ્રસીંહને એક સ્વપ્ન થયું. સ્વપ્નામાં જાણે તે મૃગયા રમવા નીકળ્યો મૃગયા રમતાં ભુલો પડયો અને એક બગીચામાં આવી પહોંચ્યો. ત્યાં ફળફળાદિ ખાઈ બેઠો છે. તેવામાં તે ગામની રાજકુંવરી ત્યાં આવી અને સર્વ પુરૂષને વાડીમાંથી બહાર કાઢયા પણ ચંદ્રસીંહ એક ખુણામાં ભરાઇ પેઠો અને આ રાજ કુંવરિની ચપલતા જોવા લાગ્યો તે રાજકુંવરીનું ચંદ્ર સમાન ઉજવલ મુખ જોઈ ચંદ્રસીંહને પ્રેમની લાગણી થઈ. અને

વિહવળ થઇ ધરણી પર પડયો. તેવામાં રાજકુંવરિની દાસી ત્યાં આવી પહોંચી અને ચંદ્રસીંહને જોઇ કહેવા લાગી અરે મે સર્વ પુરૂષને વાડીમાંથી બહાર કાઢયા અને તું અહીં કેમ બેઠો રહ્યો જો મારી રાણી જાણશે તો તને ગરદન મારશે. આ સાંભળી રાજકુમાર ચંદ્રસીંહે કહ્યું, "બાઇ, હું એક મુસાફર છું અને મારાથી બહાર ન નીકળાયું માટે હું તારો ગુન્હેગાર થયો છું." દાસીએ મનમાં ધાર્યું કે આ કોઇ રાજવંશી પુરૂષ જણાય છે. માટે લાવ મારી રાણીને જાહેર કરૂં એમ વીચારી રાણી પાસે આવી કહેવા લાગી. "રાણી સાહેબ! જો આપ ગુસ્સે ન થાવો તો હું નજરે દેખેલી એક વાત કહું" આ સાંભળી રાણીએ કહ્યું "ખુશીથી કહે હું તારાપર ગુસ્સે નહિ થાઉ" પછી દાસીએ સઘળી વાત વીસ્તારીને કહી અને કહ્યું કે "કહો તો જીવતો રાખું અને કહો તો મારી નાંખું" આ સાંભળી રાણી ક્રોધાયમાન થઇ અને બોલી કે "જાઓ તે પુરૂષે મારી મરજાદા લોપી માટે મારી નાંખો" ત્યારે પ્રધાન પુત્રી બોલી કે "એ મુસાફર છે. માટે આપણા દેશની રીત એ શું જાણે માટે કુંવરિ એને માફ કરવો જોઇએ અને જોવું જોઇએ કે એ પુરૂષ કોણ છે. કયા નગરનો રાજા છે." એમ કહી પ્રધાન પુત્રી ચંદ્રસીંહને જોવા ગઇ. તેનું રૂપ જોઈ રાણીને કહ્યું અને તેથી રાણીને વખાણુ બાણુ વાગ્યું અને પોતાની દાસીઓને હુકમ કર્યો કે જાઓ તે રાજપુત્ર અહીં તેડી લાવો. તેથી દાસીઓ ચંદ્રસીંહને રાણીને પાસે તેડી લાવી અને ત્યાં ઉભો રાખ્યો રાણીને જોઇ મોહ પામી મુર્છાગત થયો. ચંદ્રસીંહને જોઇ રાણી મોહીત થઇ ગઇ. અને તેના કુમળા શરીરને પીડા થતી હશે. એમ ધારી રાણીએ ચંદ્રસીંહનુ માથુ ખોળામાં લીધું અને બેઠી અને પવન નાખવા લાગી, ચુંબન દેવા લાગી તેના કોમળ શરીર પર તડકો પડતો હતો માટે છત્રી ધરી. અને કહેવા લાગી. "મહારા પ્રાણનાથ, હવે ઉઠો. મુખથી કેમ બોલતા નથી અરે સ્વામીનાથ મારાથી કંઇ મુર્ખ બનીને બોલાઇ ગયું હોય તો ક્ષમા કરો. હવે જો કે એક પળ પણ વિલંબ થશે તો મારા પ્રાણ જતા રહેશે માટે મારાપર કૃપા કરી ઉઠો." આમ સ્વપ્નામાં ચંદ્રસીંહ જો તો હતો એટલામાં તેની આંખ ઉઘડી ગઇ. અને ઝબકીને ઉઠી બેઠો. અને જુવે છે તો નહિ તે

બાગ કે નહિ તે રાજકન્યા. આથી તે ઘણો ચિંતાતુર થયો અને બોલી ઉઠયો કે "હાય! હાથમાંથી ગઈ." આ સાંભળી પ્રધાન પુત્ર મીત્રચંદ તથા પેલા પાંચ મીત્રો જાગી પડયા અને રાજકુમાર ચંદ્રસીંહને પુછવા લાગ્યા કે "શું છે ? શું છે ?" પણ કંઈ પ્રત્યુત્તર મળ્યો નહિ. રાજકુમાર ચંદ્રસીંહ કંઇ જવાબ આપ્યા વગર રડવા લાગ્યો. તેના મીત્રોએ અનેક ઉપાયો કર્યા પણ રાજકુમાર રડતો ન રહ્યો તેના મીત્ર ધનવંતરે જંગલમાં જઇ ઓસડ લાવી લેપ કર્યો તેથી પણ કંઇ ન વળ્યું. રાજા રાણી પણ ઘણા ઉપાયો કરી ચુકયાં પણ કંઈ ન થયું. પછી મીત્રચંદે સર્વ માણસને બહાર કાઢયા અને રાજકુવર ચંદ્રસીંહને કહેવા લાગ્યો કે "હે મીત્ર! મને તારૂં દુઃખ કહે અને તેથી તારૂં કામ થશે." "મને એમ લાગે છે કે તમે કોઈ સ્ત્રીના પર મોહ પામ્યા છો બીજું કંઇ કષ્ટ તમને નથી." પોતાના મનની વાત જ્યારે મીત્રચંદે કહી ત્યારે ચંદ્રસીંહનો વ્હેમ દુર થયો અને પોતાની સ્વપ્નામાં બનેલી સર્વ હકીકત મીત્રચંદને કહી સંભળાવી. અને કહ્યું કે "જો એ રાજકન્યા મને નહિ મળે તો હું આત્મઘાત કરી મરણ પામીશ." ત્યારે મીત્રચંદે દીલાસો આપ્યો. અને ધીરજથી કહ્યું 'ઇશ્વર કૃપાથી સર્વ સારૂં થશે." પછી મીત્રચંદે સર્વ હકીકત રાજાને કહી હવે તે કયા નગરની કુંવરિ છે તે ખબર નથી. માટે શું કરવું તેના વિચારમાં સર્વેજણ પડયા એવામાં પ્રધાને એક ઉપાય શોધી કાઢયો. અને રાજાને કહ્યું કે મહારાજ! જેટલા મુસાફર આપણા નગરમાં આવે તેટલા બધાને કચેરીમાં હાજર થવા હુકમ કરો અને તે લોકોને પૂછયાથી તે રાજકન્યાની બાળ મળશે." હવે રાજાએ પ્રધાન પુત્ર મીત્રચંદને કહ્યું કે "ભાઇ તારાથી ચંદ્રસીંહ રાજી રહેશે. માટે કોઇ રીતે એ રાજ કન્યાને ભૂલી જાય એમ તમારે કરવું." પછી પ્રધાન પુત્ર ચંદ્રસીંહ નાચરંગ વગેરે ગમતો કરાવવા લાગ્યો પણ તેથી રાજકુમાર ચંદ્રસીંહનું મન પેલી રાજકન્યાને વીસરી ન ગયું. અહીંઆ દરેક મુસાફરને પુછે છે પણ કંઇ પતો લાગતો નથી. એક દિવસે એક બુઢો બ્રાહ્મણ તે ગામમાં આવી ચઢયો. તે બ્રાહ્મણે ચારે દિશામાં સફર કરી હતી. તે બ્રાહ્મણને બોલાવી પુછ્યું ત્યારે બોલ્યો "નજરે દીઠેલી વાત કહું કે સાંભળેલી." ત્યારે રા-

જપુત્ર ચંદ્રસીંહે કહ્યું કે નજરે દીઠેલી કહો. પછી તે બ્રાહ્મણે વાત શરૂ કરી તે કહેવા લાગ્યો "એક સ્નેહ નગરી નામે ગામ છે. ત્યાંના રાજાને પુત્ર નથી ફક્ત એક પુત્રી છે. તેનું રૂપ ચંદ્ર સરખુ છે. વધારે શું તેના વખાણ કરૂં? હું એક દીવસ એક દેવસ્થાનમાં બેઠો હતો ત્યાં આ રાજકન્યા દર્શન કરવા આવી. મને ત્યાં બેઠેલો જોઇ પગે લાગી તેથી મે તેને આશીર્વાદ આપ્યો કે 'જા પુત્રી તારૂં મન વાંછિત થશે.' આ સાંભળી રાજપુત્રી રડવા લાગી. પ્રધાન પુત્રી કમળાએ તેણે ઘણું ઘણું સમજાવ્યું. પણ તે રડતી રહી નહિ. પછી પ્રધાન પુત્રી કમળાએ મને કહ્યું. "મહારાજ મારે મારા રાજાનું કામ કરવાનું છે. એક દીવસ એમ બન્યું કે અમે ફરતા ફરતા બાગમાં ગયા ત્યાં રાત પડી જવાથી રહ્યા અને ત્યાંજ નિદ્રાવશ થયાં. ત્યાં મારી રાણીએ એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં એક રાજપુત્ર તેની દૃષ્ટિએ પડયો. કુમુદા તેનાપર મોહિત થઇ ગઇ. અને કહેવા લાગી કે મને રૂતુદાન આપો રાજપુત્રે કહ્યું 'તું કુંવારી કન્યા છું હું તને કેમ ભોગવું.' ત્યારે રાજપુત્રી કુમુદાએ કહ્યુ કે 'હું સુર્ય દેવતાની શાખથી તમારી સાથે ગાંધર્વ લગ્ન કરૂં છું' એટલામાં તેની આંખ ઉઘડી ગઇ અને જાગી ઉઠી અને જોવા લાગી પણ કંઇ નજરે પડયું નહિ. ત્યારે તે મોઢેથી રડવા લાગી. આથી સર્વ સાહેલીઓ જાગૃત થઇ. અને રાજપુત્રીને પુછવા લાગી પણ કઇ પ્રત્યુત્તર ન મળ્યો ઘણુંએ સમજાવ્યું પણ રાજપુત્રી કુમુદા રડતા ન રહી." આ વાત સાંભળી ચંદ્રસીંહ તથા તેનો મીત્ર પ્રધાન પુત્ર મીત્રચંદ રાજા પાસે રજા માગી ત્યાં જવા નીકળી પડવાનો વિચાર કરી રાજા પાસે આવ્યા અને રજા માગી આથી રાજા ઘણો દીલગીર થયો. ત્યારે પ્રધાને રાજાને ધીરજ આપી અને કહ્યું કે "ચંદ્રસીંહને અખુટ દ્રવ્ય તેમજ લશ્કર આપો. તે તેની રક્ષા કરશે." પછી રાજાએ તે પ્રમાણે કર્યું. પછી પેલા સાતે મીત્રો ચાલ્યા. એક ગાઉ સુધી નગરજનો વળાવવા આવ્યા ત્યાંથી સર્વને ચંદ્રસીંહે પાછા મોકલ્યા. આગળ ચાલી વિચાર કર્યો કે ત્યાં કયારે પહોંચીશું ત્યારે એક સોદાગરે કહ્યું કે પગ રસ્તે છ મહીના લાગશે અને દરીઆ મારગે પંદર દીવસે પહોંચી જઇશું આ સાંભળી ચંદ્રસીંહે તે સોદાગરના વીસ વહાણ ભાડે રાખ્યાં એક વહાણમાં આ

મિત્રો એકલા બેઠા. ઇશ્વરને કરવું એવું કે થોડે દુર ગયાને વાવા ઝોડું થયું અને જે વહાણમાં આ સાત મીત્રો હતાં. તેના સાત કડકા થઇ ગયા. એક એક કડકાપર એક જણ બેસી ગયો. પણ પેલો પ્રધાન પુત્ર ડુબવા લાગ્યો. પ્રધાન પુત્રને ડુબતો જોઈ રાજપુત્ર ચંદ્ર સીંહે ઉપાડી લીધો અને બંને જણ એક પાટડાપર બેઠાં થોડે દુર જતાં આ પાટડો એક ટેકરીને અફળાયો અને બે કકડા થઇ ગયા. અને બંને મીત્રો જુદા પડી ગયા. મીત્ર ચંદ વીલાપ કરવા લાગ્યો. અને ડુબી મરવા તત્પર થયો. ત્યારે ચંદ્રસીંહે ધીરજ આપી કહ્યું કે "મીત્ર જો આપણે જીવતા હશું તો કોઇ દીવસ પણ મળીશું અને મરી જઇશું તો પછી મળવાના નથી માટે ધીરજ રાખો." આટલી વાત કરી તેટલામાં પાણીની એક છોળ આવી અને રાજ કુમાર ચંદ્રસીંહને કીનારે ઘસડી લાવી મુકયો. રાજ કુમાર ચંદ્રસીંહ બહાર નીકળ્યો. અને ખુશી થઇ એક શહેરમાં ગયો ત્યાં એક બાગ હતો તેમાં નિંદ્રાવશ થયો. ત્યાં તે ગામની રાણી શીકાર કરવા નીકળેલી તે ત્યાં આવી પહોંચી અને રાજકુમાર ચંદ્રસીંહને જોયો. જોઇને મોહીત થઈ અને તેથી રાજકુમારને ઉપાડી લઇ ગઇ, ત્યાં પ્રધાન પદ્માવતીને સોંપ્યો, અને તેની ચાતુરી જોવા કહ્યું. બીજે દીવસે પ્રધાન પદમાવતી રાણી પાસે ચંદ્રસીંહને લઇને આવી. આ રાજ પુત્રને જોઈ રાણીએ પુછયું કે. "તમે કયા ગામના રહેવાસી છો અને અહીં શા કારણે પધાર્યા છો? આથી રાજ કુમારે પોતાની સર્વ વીતેલી વાત કહી સંભળાવી. હવે રાણી ચંદ્રસીંહને મધ પીવડાવવા લાગી. પણ તે પોતાના મીત્રના વીજોગનું દુઃખ કહી પીતો નથી. આખરે રાણીના આગ્રહથી તે પીધો. પછી રાત પડી અને ગાનતાન ચાલ્યું. રાત્રે ચંદ્રસીંહ ત્યાં સુતો છે એવામાં તેને સ્વપ્નુ થયું. સ્વપ્નામાં જાણે પોતાની પ્રિયા કુમુદા ત્યાં આવી ઉભી છે અને કહે છે કે તમે મને મેહબાણુ મારી મને તજી દઇ પર સ્ત્રી સાથે મધુપાન કર્યું. એવામાં રાજકુમાર ચંદ્રસીંહની આંખ ઉઘડી ગઈ અને જુવે છે તો તેમાંનું કંઇ નજરે પડયું નહિ. તેથી તેના પેટમાં ફાળ પડી અને રડવા લાગ્યો. રાજકુમાર ચંદ્રસીંહને રડતો જોઇ દાસીઓ તથા પ્રધાન પદમાવતી જાગી ઉઠી. અને ચંદ્રસીંહ પાસે આવી રડવાનું કારણ પુછવા લાગી. પણ ચંદ્રસીંહે વખત વિચારી વાત ફેરવી

નાંખી અને પ્રધાન પદમાવતીને પુછ્યું કે આ રાજમાં કોઇ પુરૂષ નથી અને રાણીનું રાજ છે તેનું કારણ શું છે? પછી પ્રધાન પદમાવતીએ કહ્યું કે "આં શહેરને મહાદેવનો શ્રાપ છે. કોઈ પુરૂષ આવે તેથી પુત્રિની પ્રાપ્તિ થાય છે. અને તે પુરૂષ પણ છ મહીનામાં નપુંસક થઇ જાય છે." આ સાંભળી રાજકુમાર ચંદ્રસીંહ ઘણો ચિંતાતુર થયો. અને મનમાં વિચારવા લાગ્યા કે છ મહીના તો આજ કાલ કરતાં વીતી જશે, અને હું નપુંસક થઇ જઇશ. અને પછી મારો કોઇ ભાવ પુછશે નહી. એવામાં પ્રાતઃકાળ થયો અને અને પદમાવતી રાજ કુમાર ચંદ્રસીંહને રાણી પાસે તેડી ગયાં. ત્યાં રાણીએ ચંદ્રસીંહને પાન સોપારી આપી કહ્યું કે "હવે મારી આશા પુરી કરો" પછી ચંદ્રસીંહે કહ્યું વખત આવેથી તે પણ થશે. એવામાં તેને કુમુદા યાદ આવી તેથી પેસાબ કરવાને બહાને બહાર ગયો. બહાર એક બગીચો હતો. ત્યાં આવી પોતાના મીત્ર તેમજ પ્રિયાને સંભારી રૂદન કરવા લાગ્યો. ઘણું રૂદન કર્યાથી બેહોસ થઇ ગયો. એવામાં એક પરી ફરવા નીકળી હતી તેની દ્રષ્ટે પડયો, એટલે તે બાગમાં તે પરી ઉતરી પડી. ચંદ્રસીંહને જોઇ પરી મોહીત થઇ ગઇ. અને ચંદ્રસીંહને લઇ અંતરીક્ષ ઉડી. અને ચાર ઘડીમાં પોતાના મુકામે આવી પહોંચી તેનો મહેલ એક પહાડમાં હતો. પોતાના મહેલમાં લાવી ને રાજકુમારને સુવાડયો. અને પોતે પંખો નાંખવા લાગી. ઘણે દુરથી આવ્યા અને હજુ કેમ જાગૃત થતા નથી. તમને આટલી બધી નિંદ્રાશી? એમ કહી ગળે વળગી પડી. ત્યારે ચંદ્રસીંહ જાગૃત થયો. અને પરીને જોવા લાગ્યો. બીજું કંઇ તેની દ્રષ્ટ પડયું. તે ન જુએ તે ગાનાર કે ન જુએ તે રાણી. તેથી અચંબો પામી પરીને પુછવા લાગ્યો. "તમે મને આ સ્થળે શા વાસ્તે લાવ્યા?" ત્યારે પરીએ બન્ને હાથ જોડી હસતા મુખે કહ્યું કે "પ્રાણનાથ! હું શીકાર કરવા નીકળી હતી. અને ઇશ્વર કૃપાથી તમારા દરશન થયાં. આપ એક સુંદર બાગમાં બેશુદ્ધ પડેલા હતા. તમારૂં મુખ જોઇ હું મોહીત થઈ અને અહીં ઉપાડી લાવી." ત્યારે ચંદ્રસીંહે કહ્યું કે ત્યાં તો ચારે તરફ ચોકી પહેરા હતા. અને તું મને શી રીતે ઉપાડી લાવી. ત્યારે પરીએ કહ્યું "હું પરી જાત છું. અને તમને અંતરીક્ષ માર્ગે ઉડાવી લાવી. રાજા તું મૃત્યુ લોકનો

માણુસ છે અને હું પરી જાત છું પણ તારાપર મોહીત થઈ છું. અને મેં તારો સંહેલ ભાગ્યો છે માટે રાજા તમે મારી ભુખ ભાગો." હવે થોડા વખતમાં રાજા પણ તેની સાથે રસ રંગ કરવામાં પોતાના મીત્ર વગેરેનું ભાન ભુલી ગયો. આ વાત ત્યાંના લોકોને ખબર પડી તેથી તેઓએ પરીના રાજાને જાણ કર્યું. આ સાંભળી રાજાને ક્રોધ ચઢયો અને તે પુરૂષને ઉપાડી લાવવા હુકમ કર્યો. તેવામાં એ રાજાના બે મીત્રો જે રાક્ષસ હતા. તેઓ ત્યાં આવી પહોચ્યાં. રાજાએ સર્વ વાત પેલા રાક્ષસોને કહી. હવે આ રાક્ષસો ત્યાંથી ચંદ્રસીંહને ઉપાડી લાવવા ચાલ્યા. આ રાક્ષસો ઘણા માયાવિ હતા. તેઓ અહીં આવી પહોંચ્યા. અને માયાથી કોઇ જોઇ ન શકે તેમ અંદર ગયા. કોઈ માણુસ આ બે રાક્ષસોને જોઇ શકતું. તેઓ અંદર જઈ જુએ છે તો નાચ રંગ થાય છે. અને પરીને ચંદ્ર સીંહ ચુંબન લે છે. એમ ક્રીડા કરતા આ રાક્ષસોએ ચંદ્રસીંહ તથા આ પરીને જોયાં. ગમતમાં રાત વીતી ગઇ. અરધી રાત જતાં બધા નીંદ્રા વશ થયાં. આ રાજકુમાર તથા પરી બંને એક એકના ગળામાં હાથ નાંખી સુતાં. હવે આ રાક્ષસો વિચાર કરવા લાગ્યા કે આ પરીઆનાથી છુટી પડે તો ઉપાડી જાઉં એટલામાં આ પરી પીશાબ કરવા ઉઠી. આ લાગ જોઇ આ રાક્ષસો પલંગ સુદ્ધાં ચંદ્રસીંહને ઉપાડી લઇ ચાલ્યા હવે પરી આવીને જુએ છે તો પલંગ તેમજ ચંદ્રસીંહ નજરે ન પડયો. તેથી રડવા લાગી અને પોતાની દાસીઓને જગાડી આમ તેમ જોવા લાગી. આખરે મનવાળીને બેઠી. પેલા રાક્ષસો આપલંગ તેમજ રાજકુમાર ચંદ્રસીંહને લઇને પરીઓના રાજા પાસે આવી પહોચ્યા. રાજાએ જોઇ મનમાં નીશ્ચય કર્યો આ વાત ખરી છે. એવામાં આ રાજપુત્ર જાગી ઉઠયો. રાજાએ ચંદ્રસીંહને બેડી પહેરાવી માર માર્યો અને ગરદન મારવા મારવા હુકમ કર્યો. કે આ સાંભળી ચંદ્રસીંહ ઘણો દીલગીર થયો અને કહેવા લાગ્યો કે "રાજા મારી વાત સાંભળીને પછી મારો ગુન્હો હોય તો મને ગરદન મારજો. હું નિરપરાધી છું. હું માણુસ જાત અહીં કેવી રીતે આવી શકું. રાજા હું એક બાગમાં સુતો હતો ત્યાંથી આ પરી મને ઉપાડી લાવી છે." આ શબ્દો પરીના રાજાની માએ સાંભળ્યા અને દયાથી પોતાના પુત્રને કહ્યું કે "આ માણુસ નીર-

પરાધી છે આને છોડી મુકવો જોઇએ. અને આપણે તેની હત્યા ન કરવી જોઇએ, આપણા જંગલના જંગલી પશુઓથી તે બચનાર નથી માટે એને સમુદ્ર તીરે મુકી આવો ત્યાંથી એની ખુશી હશે ત્યાં જશે." આવાં વચનો પોતાની માતુશ્રીનાં સાંભળી રાજાએ પેલા રાક્ષસોને કહ્યું કે આ રાજપુત્રને દરીઆ કીનારે મુકી આવો કોઈ એને મારશો નહિ. મારી માતુશ્રીનું વચન મીથ્યા ન થાય." આ હુકમ સાંભળી રાક્ષસો ચાર ઘડીમાં ચંદ્રસીંહને દરીયા કીનારે મુકી આવ્યા. ત્યાંથી ચંદ્રસીંહ આગળ ચાલ્યો. ચાલતા ચાલતા એક શહેર પાસે આવી પહોંચ્યો. અને મનમાં વિચારવા લાગ્યો કે અહીંયાં આશ્રય મળશે. એવામાં એક વૃદ્ધ ડોસો ત્યાં આવી પહોંચ્યો. આ દેશના દેશના લોકો એવા તો ઠગારા હતા કે કોઈ પુરૂષ આવે તેની સાથે મીઠું મીઠું બોલી તેના પર સ્વાર થઇ ચાલતા હતા હવે આ રાજપુત્રને જોઈ આ ડોસાએ તેનું નામ ઠામ પુછયું અને પોતાને ત્યાં પરોણા રહેવા કહ્યું અને કહ્યું કે અહીં બેસો હમણા મારો પુત્ર આવશે એટલે ઘેર ચાલીશું. સાંઝ પડી પણ તેનો પુત્ર ન આવ્યો ત્યારે ચંદ્રસીંહે કહ્યુ ચાલો હવે ઘેર જઇએ. તમે વૃદ્ધ છો માટે ચાલી શકતા નથી. માટે મારી પીઠપર બેસો અને ચાલો. આ સાંભળી તે ડોસો ચંદ્રસીંહના ઉપર સ્વાર થયો અને ચાબુક મારવા લાગ્યો થોડે દુર ગયા એટલે રાજપુત્ર ચંદ્રસીંહે કહ્યું કે જરા મને વિસામો લેવા દો. અને મારી પીઠપરથી ઉતરો. અને પછી મારી પીઠે બેસજો. આ સાંભળી ડોસો ગુસ્સે થઇને ચાબુક મારવા લાગ્યો. શહેરમાં આવી જુએ છે તો કોઇ માણુસ પગ ઘસતા ચાલે છે અને કોઈ તેનાપર સ્વાર છે.

અહીં આવો વાતોનો રંગ જામ્યો છે. તેવામાં કોઇ સ્ત્રીને રૂદન કરતી ચંદ્રસીંહે સાંભળી. અને અનાથની વારે ચઢવા ક્ષત્રી ધરમ વિચારીને કુસુમમંજરીને ત્યાં બેસાડી પોતે તેની મદદે ગયો. પર્વત ઉપર ચઢી જે તરફથી આ અવાજ સંભળાતો હતો તે તરફ ગયો. થોડે દુર ગયો અને જુએ છે. તો એક કેદખાનામાં એક બાળાને જોઇ. તે બાળા પાસે કેસરીસીંહ આવ્યો. આ રાજકુમારને આવતો જોઇ તે બાળા બોલી:–હે રાજપુત્ર તું અહીંઆં શા માટે આવ્યો છું. જો તું તારો જીવ બચાવવા માગતો હોય તો અહીંથી જલદી ચાલ્યો જા. નહિ

તો આ પાસેના મહેલનો માલીક જે એક રાક્ષસ છે તે આવશે અને તને મારી નાંખશે." આ સાંભળી રાજપુત્ર બોલ્યો, "શું હું ક્ષત્રીપુત્ર તેનાથી ડરી જાઉં. મરવું તો એકજ વાર છે. પછી ચીંતા શીછે?" એવામાં તે રાક્ષસ ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. અને આ રાજપુત્રને જોઇ અતિ ક્રોધથી તેના તરફ ધાયો. આ રાક્ષસને આવતો જોઈ કેસરીસીંહે પેલી જોગી રાજની આપેલી ટોપી માથે મુકી અને અદ્રશ્ય થયો. અને એક ઝટકાથી તે રાક્ષસનું શીર છેદન કર્યું. અને ટોપી ઉતારી આ બાળા પાસે આવ્યો અને કેદમાંથી મુક્ત કરી. અને સર્વ હકીકત પુછી ત્યારે તે રાજકુમારીએ સર્વ વૃતાન્ત કહ્યું હું અહીંથી પાંચ ગઉ ઉપર એક ગામ છે, ત્યાંના રાજાની પુત્રી છું. મારૂ નામ મોહના છે. મારે એક બહેન છે તેનું નામ રમા છે. હું એક દીવસ મારી સાહેલીઓ સાથે ફરવા નીકળી હતી. ત્યારે આ રાક્ષસ મને ઉપાડી લાવ્યો હતો. મને અહીંઆં કેદ કરી હતી તમે મને આ કારાગૃહમાંથી મુક્ત કરી માટે તમારો ઘણોજ આભાર માનું છું. અને હવેથી આપની દાસી થવા માગી લઉંછું. આ સાંભળી કેસરીસીંહ બોલ્યો "પ્રિયમોહના! જેમ કોઇ મનુષ્ય અજ્ઞાનતાથી અમૃત મુકી વિષ પીવાને તૈયાર થાય છે, જેમ કોઈ મીત્રને મુકી શત્રુનો આશ્રય લેછે, જેમ કોઈ મનોહર બાગનો ત્યાગ કરી કંટકવનમાં વસવાનું પસંદ કરે, જેમ કોઇ ખરા મોતીની માળા મુકી ઇંદ્રવર્ણાના હાર ધારણ કરે, જેમ કોઇ પોપટને ઉડાડી કાગડાના શબ્દોને વખાણે છે અને ટુંકામાં જેમ કોઇ મોહને વશ થઇ સ્વધર્મ અને કુળનો વિચાર કર્યા વગર ગમે તેમ પ્રેમના ફંદામાં ફસી પડે છે, તેમ એક શૂરા ક્ષત્રી વંશની ચતુરકન્યા, મારા જેવા રખડતા-રઝળતા પુરૂષ સાથે હમેશને માટે જીવિત પર્યંતનું પાનું પાડવા તૈયાર થાય છે તે મને યોગ્ય લાગતું નથી. મારા જેવા નિર્ધનને તારૂં જીવિત અર્પણ કરવાને બદલે કોઈ સમૃદ્ધિવાન, સ્વતંત્ર રાજા સાથે સંબંધ બાંધવાનું કોઇ વડીલની સહાયતાથી હજુ પણ પસંદ કર તો વધારે સુખી થઇશ. હું પોતે જંગલમાં જ્યાં ત્યાં ફરૂં છું, તો તારી કોમળ કાયાની સંભાળ શી રીતે લઇ શકીશ. તું કોઇ રાજપાટની ધણીઆણી થશે તો સેંકડો દાસ દાસીઓ તારી સેવામાં હાજર રહેશે. પરંતુ મારી સાથેને સંબંધ કોઈ પણ પ્રકારે સુખ-

રૂપ નહિ થતાં નિંદાનું પાત્ર બનાવશે. એટલુંજ નહિ પણ છેવટે આ સાહસ માટે તને પશ્ચાતાપ થશે. માટે મારી તો એજ સલાહ છે કે તું કરેલો વિચાર ફેરવ અને તારો જનમ સફળ થાય તેવા ઉત્તમ માર્ગનો આશ્રય કર. તારે જેના દુઃખેદુઃખી અને જેના સુખે સુખી થવાનું છે, જેના સત્કર્મોને આધારે સંસારસાગરને પાર પામવાનું છે. અને જેમાં તારૂં સર્વસ્વ સમાયલું છે. તેને માટે ઉતાવળથી નહિ પણ ધૈર્યથી, ચચળતાથી નહિ પણ નિશ્ચયથી, પૂર્ણ સહવાસથી, જાતેજ નહિ પણ કોઈ જાતવંતની સલાહ લઇને સંબંધ બાંધવો એમાંજ ડહાપણ અને ખરૂં સુખ હું માનું છું."

આ સર્વ હકીકત એક વિદ્યાર્થીની પેઠે મોહનાએ સાવધપણે એક ચિત્તે સાંભળી અને પછી બોલી "પ્રિય, આપના શિક્ષણ વચનો અમૃત તુલ્ય અને માનવા જેવાં છે. એ વિરૂધ મારે કંઇ કહેવાનું નથી. પરંતુ જે શુદ્ધ સંબંધ ઈશ્વર સાક્ષીએ આપણા ભાવિ સંસ્કારે થયો છે. તે વિષે મારે એટલીજ વિનંતી કરવાની છે કે કોટી પ્રયત્ને કદી પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગે, કદી મેરૂ પર્વત ડોલાયમાન થાય; કદી રત્નાગર સાગર માઝા મુકે, કદી રાત દીવસની ગતીમાં ફેરફાર થાય અથવા ટુંકામાં કહું તો જે કદી નિશ્ચય પૂર્વક નહીં બનવાનું તે બને તો પણ હું એકવાર જેને મારા મુખથી "પ્રાણનાથ" કહી ચુકી છું તેમાં લેશ પણ ફેરફાર થવાનોજ નથી. પ્રાણનાથ! હમેશની સેવા માટે આપની દાસી તરીકે મારો સ્વીકાર કરો. જો તમે મારી વિનંતી નહિ સ્વીકારો તો હું આત્મઘાત કરી મરણ પામીશ. અને આ જનમમાં તો શું પણ સાતે જન્મમાં આપની ચરણની રજ રહેવા પ્રભુ પાસે પાર્થના કરૂંછું.

મોહનાનો આવો દૃઢ નીશ્ચય જોઇને રાજપુત્ર કેસરીસીંહનું મન હરખ્યું. અને તેના વખાણ કરવા લાગ્યો. "પ્રિય મોહના! તારૂં માત્ર રૂપ નહિ પણ કુલિન કન્યાને છાજતા દરેક ઉત્તમ લક્ષણો અને સદ્ગુણો મારા મનને મોહીત કરે છે. મેં તારા હૃદયની કસોટી કરી લીધી છે." એમ અનેક રીતે તેના વખાણ કરવા લાગ્યો. અને બંને જણ આગળ ચાલ્યા.

વાંચનાર! અહીં આપેલો પ્રધાન પુત્ર અઘોર વનમાં કોઇનો ભય રાખ્યા વગર ચાલ્યો જાય છે. કંદમુળ, ફળફળાદિ ખાઇને રહે

છે. એમ ચાલચ્યા ચાલતા એક બાગ પાસે આવી પહોંચ્યો. અને તે બાગમાં જઈ ફળફુળાદિ ખાઇ સુતો. અરધી રાત ગઈ એટલે ત્યાં એક ડાકણ જેવી દેખાતી સ્ત્રી આવી. અને પ્રધાન પુત્રને જગાડ્યો. આ સ્ત્રીને જોઇ રત્નસીંહ થરથર ધ્રુજવા લાગ્યો. અને હાથ જોડી કહેવા લાગ્યો. કે "હું તારો ગુન્હેગાર છું હું અહીંઆ વખાનો માર્યો આવ્યો છું અને મુસાફર છું. અને ભુલથી અહીં સુઈ રહ્યો હતો માટે મારો વાંક માફ કર."

આવાં રત્નસીંહના વચન સાંભળી, તે સ્ત્રી બોલી, "હું માગું તે તું મને આપતો હું તને માફ કરૂં." ત્યારે પ્રધાન પુત્રે કહ્યું "તારૂં વચન મારે શીર છે." આ સાંભળી તે સ્ત્રી બોલી 'તું મને વર' એમ કહી રત્નસીંહના ગળે વળગી પડી. અને કહેવા લાગી કે આ શાહેરના લોકો ઘણા જાદુ મંત્ર જાણનાર છે. અને તને જીવતો નહિ રહેવા માટે હું તને દહાડે પોપટ કરી રાખીશ અને રાત્રે પુરૂષ બનાવી સુખભોગ કરીશ.' એમ કહી રત્નસીંહના પગે એક દોરો બાંધ્યો કે જેથી રત્નસીંહ પોપટ બની ગયો. પછી રત્નસીંહને લઇ તે સ્ત્રી ચાલી. અને પોતાના મહેલમાં ગઇ અને તે પોપટને પાંજરામાં મુકી આવવા દાસીને કહ્યું અને આથી દાસી હુકમને તાબે થઇ ઉપર જઇ પાંજરામાં પોપટને પુર્યો પણ તેનો દરવાજો બંધ કરવા ભુલી ગઈ તે જેવી નીચે ઉતરી કે તરતજ તે પોપટ ત્યાંથી ઉડી નીકળ્યો. અને જ્યાં કુસુમ મંજરી બેઠી હતી ત્યાં એક વૃક્ષ પર આવીને બેઠો. અને મધુર શબ્દ ઉચાર કરવા કરવા લાગ્યો. એટલામાં કુસુમ મંજરીની નજર તે પોપટ પર પડી. અને તેને પકડવા યત્ન કરવા લાગી. થોડી મુદતમાં કેસરીસીંહ અને અને મોહના ત્યાં આવી પહોંચ્યા. અને કુસુમ મંજરીને આમતેમ ફરવાનું કારણ પુછ્યું પછી કુસુમ મંજરીએ પોપટ તરફ આંગળી કરી સર્વ હકીકત કહી. થોડીવારે પોપટ તે વૃક્ષ ઉપરથી ઉડીને કેસરીસીંહના હાથ પર આવીને બેઠો કેસરીસીંહ તેના ઉપર હાથ ફેરવવા લાગ્યા તેવામાં પોપટના પગે બાંધેલો દોરો તેની નજરે પડ્યો. તેથી ધાર્યું કે આ કોઇ ચંડાળે પોપટને રમવા વાસ્તે દોરો બાંધ્યો છે. એમ ધારી દોરો તોડ્યો. દોરો છોડતાંની સાથે પોપટ ફીટીને માણસ થઈ ગયો. અને કેસરીસીંહને પગે લાગ્યો. અને

નામ ઠામ પુછ્યું કેસરીસીંહનું નામ સાંભળી જેમ આંધળાને આંખો મળે, ભુખ્યાને ભોજન મળે. નીરધનને ધન મળે અને ખુશી થાય તેમ હર્ષ ઘેલો થઇ રત્નસીંહ પોતાનું નામ દર્શાવી કેસરીસીંહને ભેટી પડયો. અને બંનેની આંખમાથી હર્ષના આંસુ વહેવા લાગ્યા. અને ફરી ફરીને એક બીજાની તરફ જોવા લાગ્યા. પછી કેસરીસીંહે રત્નસીંહને વીતેલી વાત પુછી ત્યારે રત્નસીંહે પોતાના દુઃખની વાત કહી સંભળાવી અને કેસરીસીંહે પોતાને વીતેલી વાત આથથી તે ઇતિ સુધી કહી સંભળાવી આમ પોતાના સુખ દુઃખની વાતો કરતા બંને મીત્રો કુસુમ મંજરી તથા મોહના ચારે જણ મોહનાના બાપના ગામ તરફ ચાલ્યા થોડીવારે ગામની ભાગોળે આવી પહોચ્યા એટલે મોહનાએ પોતાના બાપને ખબર મોકલાવી. રાજા વાજતે ગાજતે પોતાની પુત્રી તથા આ ત્રણે જણને પોતાને મહેલે તેડી ગયો. અને પોતાની પુત્રી મોહનાને કેસરીસીંહ સાથે પરણાવી અને એક મહેલ રહેવા આપ્યો. થોડા દીવસ રહી મોહના, કેસરીસીંહ કુસુમ મંજરી અને રત્નસીંહ રાજાની રજા લઇ ઘર તરફ ચાલી નીકળ્યા ચાલતા ચાલતા થોડાક દીવસે પ્રેમપુર આવી પહોંચ્યા અહીંઆ પ્રધાન પુત્રી વિમળા સાથે રત્નસીંહને પરણાવ્યા. અને તેઓને ત્યાં થોડા દીવસ રાખ્યા કેટલાક દીવસ વીત્યા બાદ કેસરીસીંહે રત્નસીંહને ચંપાનગરી જવા કહ્યું આ સાંભળી રત્નસીંહે પ્રધાનની તથા રાજાની રજા લઇ કેશરીસીંહ વગેરેની પાસે જઈતૈયાર થવા કહ્યું બીજે દીવસે કેસરીસીંહ મોહના કુસુમ મંજરી, રત્નસીંહ અને વિમળા પાંચ જણ થોડાક માણસો લઇ ચંપાનગરી તરફ ચાલી નીકળ્યા. થોડાક સમયમાં ચંપાનગરી આવી પહોચ્યા કેસરીસીંહે પોતાના પીતા વિજયસીંહને સમાચાર કહેવરાવ્યા. આ સમાચાર સાંભળી રાજા ખુશીના દરીયામાં ગરક થઇ ગયો અને વજીરને ફોજ તૈયાર કરવા હુકમ આપ્યો. વજીરે સેનાધીપતીને હુકમ આપ્યો. એટલે સેનાધીપતી ફોજ લઇ સામા ગયા. અને કેસરીસીંહને હાથીપર બેસાડી બીજા બધાને લઈ વાજતે ગાજતે રાજ મહેલમાં લાવ્યા અને શહેરના લોકોને ઉજાણી આપી એમ આરામમાં અને ખુશી આનંદમાં પોતાની જીંદગી ગુજારવા લાગ્યા.

સમાપ્ત.

અગાઉ ગ્રાહક થઇ આશ્રય આપનારના મુબારક નામની યાદી.

૧૦ રા. રા. હીરાલાલ મોતીલાલ શાહ.

૧૦ રા. રા. મણીલાલ મનસુખરામ મહેતા

૫ રા. રા. ચીમનલાલ ચુનીલાલ

૧ રા. રા. નામજી લક્ષ્મણ–પાલવનકર

૧ રા. રા. ઈશ્વરલાલ કૃષ્ણલાલ

૧ રા. રા. હીરાલાલ નંદરામ ખત્રી

૧૦ રા. રા. દેવપુરી રણછોડપુરી ગોસાઇ

૧ રા. રા. માધાજી જીવાજી

૨ રા. રા. શેઠ સારાભાઈ ડાહ્યાભાઇ

૧ રા. રા. મોહનલાલ જુમખરામ પરીખ

૧ રા. રા. પ્રાણલાલ મનસુખ નાણાવટી

૨ રા. રા. ઇબ્રાહીમ સોલોમન એરલકર

૧ રા. રા. ચંદુલાલ મગનલાલ કારભારી

૧ રા. રા. વૈકુંઠરાવ નારાયણરાવ વૈદ્ય

૧ રા. રા. ડાહ્યાભાઈ નથુરામ શાહ

૧ રા. રા. જેઠાલાલ મુલચંદ અગરવાલા

૧ રા. રા. અમરતલાલ દલસુખરામ શાહેબ

૧ રા. રા. હોરમસજી હીરાજી ભરૂચા

૧ રા. રા. ગુલાબચંદ મગાચંદ

૧ રા. રા. કેશવલાલ બુલાખીદાસ પરિખ

૫ રા. રા. શીવપ્રસાદ ભગવાનદીન પાંડે

૧ દરબાર બળવંતસીંહજી ગોપાળસીંહજી

૧ રા. રા. માણેકલાલ ગીરધરદાસ મહેતા

૧૦ રા. રા. ભીખાભાઈ રાધેકસન કંદોઇ

૧ રા. રા. અહોરવાદીનં છેદીદીન તંબોલી

૧ રા. રા. નાથાલાલ રવીચંદ

૧ રા. રા. નાથાલાલ લક્ષ્મીચંદ

૧ રા. રા. ગણપત બુલાખીદાસ

૧ રા. રા. સુખલાલ સીતારામ તંબોલી

૧ રા. રા. યાદવ રામકૃષ્ણ

૧ રા. રા. સારાભાઈ હીમતભાઇ પટેલ

૧ રા. રા. જગજીવન મોહનલાલ શાહ

૧ રા. રા. રતીલાલ માણેકલાલ પટેલ

૧ રા. રા. કેશવલાલ છોટાલાલ

૧ રા. રા. કેશવલાલ મંગળજી મહેતા

૧ રા. રા. બળવંતરાય દલસુખરામ

૧ રા. રા. જેશીંગભાઈ ચુનીલાલ શાહ

૨ રા. રા. ગાંધી હીરાલાલ કેશવલાલ

૧ રા. રા. ક્રીપાળદત બૈજનાથ

૧ રા. રા. ભુદરભાઇ મથુરભાઇ

૧ રા. રા. હસન મેખજી ખોજા

૧ ઠક્કર મોહનલાલ દયાળ

૧ શેખ અબ્દુલરહેમાન ગુલામરસુલ
૧ રા. રા. રામરતન ભીનરાજ ખત્રી
૧ રા. રા. નટવરલાલ રણછોડ
૧ રા. રા. છોટાલાલ આંકલેશ્વર
૧ દાણી માધવલાલ મોહનલાલ
૧ રા. રા. જેઠાલાલ કાળીદાસ
૧ શાહ મુલચંદ પોચાભાઇ
૧ રા. રા. છોટાલાલ ગવરીશંકર
૧ રા. રા. ચીમનલાલ ચુનીલાલ ચોકસી
૧ રા. રા. જુગરાજ કુનજી
૧ રા. રા. સેમસન જોસફ
૧ રા. રા. એહમદજી અલીજી
૧ રા. રા. ગોકળદાસ મગનલાલ શાહ
૧ રા. રા. શીવલાલ મોતીરાંમ
૧ રા. રા. પરભુદાસ નંદલાલ ખત્રી
૧ રા. રા. રામપુરી ઓંકારપુરી કવી.
૧ રા. રા. જહાંગીરજી જમશેદજી
૧ પા. જીવીદાસ કાળીદાસ
૧ રા. રા. નારણરાવ ભાઉરાવ
૧ રા. રા. રામઆધાર રામનારાયણ તેવારી
૨ રા. રા. શંકરપ્રસાદ મહાસુખરામ મીશ્ર
૧ રા. રા. ચંદુલાલ છોટાલાલ વ્યાસ
૧ રા. રા. કેશવલાલ
૧ રા. રા. જેઠાલાલ લક્ષ્મીરામ
૧ શાહ ચુનીલાલ નથુભાઇ
૧ પા. ઝવેરભાઇ જીજીભાઈ
૧ શાહ ફુલચંદ ગુલાબચંદ
૧ ગુલાબસીંહ માનસીંહ
૧ રા. રા. શંભુપ્રસાદ ગણપતરામ
૧ રા. રા. જેશીંગભાઈ લલુભાઇ
૧ શેખ અબ્દુલકરીમ ફકીરમહમદ
૧ રા. રા. શીવલાલ અંબાલાલ
૧ ચુનીલાલ અમરતલાલ દેસાઇ
૧ રા. રા. સોરાબસા પેસ્તનજી ધટી
૧ રા. રા. માણેકલાલ ક્રીશ્નારામ વૈદ્ય
૧ રા. રા. અંબાલાલ નારણદાસ
૧ રા. રા. ધુળીદાસ માધવજી
૫ રા. રા. ચંદુલાલ બાલુભાઈ અગરવાલા
૧ રા. રા. શકરાભાઈ ચુનીલાલ શાહ
૧ રા. રા. શીવલાલ ઝવેર
૧ રા. રા જીવણલાલ ગજાભાઈ
૧ રા. રા. બાલાભાઇ જમનાદાર નાણાવટી
૧ રા. રા. ચુનીલાલ રવચંદ
૧ સુતાર સોમાભાઈ લાલદાસ
૧ સુતાર બેચરદાસ શીવાભાઈ
૧ રા. રા. જેઠાલાલ રણછોડ

૧ રા. રા. લલુભાઈ મલુકચંદ
૧ રા. રા. ચીમનલાલ ઇશ્વરલાલ
૧ શાહ અમરતલાલ
૧ રા. રા. મોતીરામ મોરાર
૧ રા. રા. દલાજી ભૂતાજી
૧ રા. રા. સોનુ ધટુ
૧ રા. રા. પોપટલાલ ભાઇચંદ
૧ રા. રા. રતીલાલ પરસોતમ પટેલ
૧ રા. રા. નારાયણ વ્રજભુખણદાસ પટેલ
૧ રા. રા. સકરાભાઇ પરભુદાસ
૧ રા. રા. ગંગાદીન
૧ રા. રા. મોતીલાલ અમરતલાલ
૧ રા. રા. ભીખાભાઇ પુનમચંદ શાહ
૧ રા. રા. છોટાલાલ પરશોતમ
૧ રા. રા. લખમણ તુકારામજી
૧ રા. રા. રઘુનાથસીંગ નાનુસીંગ
૧ રા. રા. મોહનલાલ મગનલાલ
૧ રા. રા. માણેકલાલ મણીલાલ
૧ રા. રા. મુળીશંકર ચકુભાઇ
૧ રા. રા. જુળાયા બુદુઅલી
૧ રા. રા. રણછોડલાલ કાળીદાસ
૧ રા. રા. શંકરલાલ હીમતલાલ ત્રીવેડી
૧ રા. રા. પ્રાણલાલ
૧ રા. રા. મુળજીભાઇ પ્રાણજીવન ત્રવાડી
૧ રા. રા. ત્રીકમલાલ ભૂપતરાય ઠાકોર
૧ રા. રા. નરસીંહભાઇ સામજી વ્યાસ
૧ રા. રા. મહાવીર ગણેશ
૧ રા. રા. માણેકલાલ ગોવિંદલાલ
૧ રા. રા. ડાહ્યાભાઇ પુન્જાભાઇ શાહ
૧ રા. રા. તુલશીરામ કાલુ
૧ રા. રા. ગોવીંદલાલ છોટાલાલ રાવળ
૧ રા. રા. ચીમનલાલ છગનલાલ
૧ રા. રા. સકરાભાઈ રતનચંદ
૨ રા. રા. સાકરલાલ રતીલાલ શીતવાળા
૧ રા. રા. મણીલાલ રણછોડ શેઠ
૧ સકરાલાલ દેયાશંકર
૧ ઇશ્વરલાલ કેશવલાલ
૧ રા. રા. દોલતજાદા મંગલદાસ ચંદુલાલ
૧ રા. રા. લલુભાઇ પ્રહલાદજી પટેલ
૧ રામો ડાહ્યાભાઇ ગોવીંદલાલ
૧ કંદોઈ જમનાદાસ મુળજી

આ શિવાય બીજા ગ્રાહકોનાં નામ જગોની તંગીને લીધે લખી નથી શકાયા માટે ગ્રાહકો પાસેથી માફી માગું છું એજ.

લી. મહાદેવપુરી.

વિનતી પત્ર.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થએલા તેમજ આ પુ વાંચનારા. સર્વે સહૃદયોને મારા તરફથી નિવેદન એ છે મારી અલ્પ મતિથી મેં આ પુસ્તક રચ્યું છે. અને આ પ્રથમ પ્રયાસ છે. તો તેમાં જે ભૂલ ચુક હોય તે સુધારી વાંચશો. એજ વિનંતી.

લી. ગ્રંથકાર.
કાલુપુર દરવાજા બહાર હનુમાન વાડીમાં
અમદાવાદ